તેજી હોય કે પછી મંદી,
બજાર તરફનો સાચો દ્રષ્ટિકોણ ઉજાગર કરી,
નાના રોકાણકારોના હિતને ધ્યાનમાં રાખી,આધુનિક આર્થિક પ્રવાહો
તેમ જ શેર, કોમોડીટી, ફોરેક્ષ વગેરે બજારોની ચાલને તાદશ્ય રજૂ
કરી, દેશના ખૂણે ખૂણેથી આવેલ નિષ્ણાતોની સોનેરી સલાહ સાથે
અમદાવાદથી પ્રકાશિત થતું, આર્થિક સાપ્તાહિક
ધી ઇકોનોમિક રેવલ્યૂશન
ગુજરાતી તેમ જ અંગ્રેજી બંને ભાષામાં ઉપલબ્ધ
વધુ માહિતિ માટે વિઝીટ કરો :
web : www.theeconomicrevolution.in
email : theeconomicrevolution@yahoo.co.in
(M) 9825065387 contact : Narendra Joshi

Nirmal Metro Daily, Ahmedabad
પાનાં ૪, કિંમત રૂ. ૧.૦૦
અમદાવાદથી પ્રકાશિત થતું, પ્રજાના પ્રાણ પ્રશ્નોને વાચા આપતું , અન્યાય સામે અવાજ ઉઠાવતું ક્રાન્તિકારી નિડર ગુજરાતી દૈનિક
RNI NO. GUJGUJ/2012/48123
નિર્મલ મેટ્રો, લગભગ એક કરોડ ઈ મેઈલમાં મોકલવામાં આવે છે

# નિર્મલ મેટ્રો

તંત્રી : નરેન્દ્ર જોષી
email : nirmalmetro@yahoo.com
website: www.nirmalmetro.com
NIRMAL METRO
Saturday 14.07.2018 Year 06, Issue 175
દૈનિક

● વર્ષ : ૬ ● અંક : ૧૭૫ ● તા.૧૪.૦૭.૨૦૧૮ શનિવાર ● અષાઢ સુદ ૦૨ ● સં. ૨૦૭૪ ● સહતંત્રી : દેવલક્ષ્મી જોષી ● કાર્યાલય : એચ ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, ટેલિફોન એક્સચેન્જ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૬૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મોબાઈલ : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

### ઉદ્યોગપતિ મુકેશ અંબાણીની સંપત્તિ જેકમા કરતા વધુ થઇ ગઈ

# જેકમાને પછાડી મુકેશ અંબાણી એશિયાના સૌથી ધનાઢ્ય વ્યક્તિ

## જેકમાની સંપત્તિ ૪૪ અબજ ડોલર રહી છે જ્યારે મુકેશ અંબાણીની સંપત્તિ વધીને ૪૪.૩ અબજ સુધી પહોંચી ગઈ છે : કારોબારમાં હજુ વધારો કરાશે

### બજારની વાત

તા.૧૩.૦૭.૨૦૧૮

**ઈન્ડેક્ષ**

**સેન્સેક્ષ**
૩૬,૫૪૧.૬૩-૬.૭૮
(-૦.૦૨%)

**નિફ્ટી**
૧૧,૦૧૮.૯૦-૪.૩૦
(-૦.૦૪%)

**કોમોડીટી**

**ક્રુડ**
૪,૮૩૫.૦૦ ૫૫.૦૦
૧.૧૫

**સોનું**
૩૦,૦૪૬.૦૦ -૧૦૧.૦૦
-૦.૩૪

**ચાંદી**
૩૮,૯૯૪.૦૦ -૩૪૧.૦૦
-૦.૮૭

**નેચરલ ગેસ**
૧૯૧.૩૦ -૦.૯૦ -૦.૪૭

**ચલણી નાણું**

**ડોલર / રૂપિયો**
૬૮.૫૨ -૦.૦૫ -૦.૦૭

**યુરો / રૂપિયો**
૭૯.૬૬ -૦.૩૦ -૦.૩૮

**પાઉન્ડ / રૂપિયો**
૯૦.૦૨ -૦.૪૫ -૦.૪૯

એજન્સી દ્વારા
મુંબઇ,તા. ૧૩

મુકેશ અંબાણી એશિયાના સૌથી અમીર વ્યક્તિ તરીકે ઉભરી આવ્યા છે. મુકેશ અંબાણીની સંપત્તિમાં રેકોર્ડ ગતિ વધારો થઇ રહ્યો છે. અલીબાબા ગ્રુપના સ્થાપક જેકમાને પાછળ છોડીને મુકેશ અંબાણી તેમનાથી આગળ નિકળી ગયા છે. રિલાયન્સ ભારતના બજારમાં ઈ-કોમર્સને વધારવાની દિશામાં આગળ વધી રહ્યું છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ભારતમાં ઈ-કોમર્સના ક્ષેત્રમાં પણ પ્રભુત્વ જમાવવા માટે રિલાયન્સ ઈન્ડસ્ટ્રી લિમિટેડની આક્રમક તૈયારી રહેલી છે. રિફાઈનિંગથી લઈને ટેલિકોમ સુધીના ક્ષેત્રમાં પ્રભાવ ધરાવનાર અને કંપનીના ચેરમેન અંબાણીની સંપત્તિ આજે ૪૪.૩ અબજ ડોલર સુધી પહોંચી ગઈ હતી. રિલાયન્સ ઈન્ડસ્ટ્રી લિમિટેડની સંપત્તિ૧.૬ ટકા વધીને રેકોર્ડ ૪૪.૩ અબજ ડોલર સુધી પહોંચી ગઈ છે જ્યારે જેકમાની સંપત્તિ હાલમાં ૪૪ અબજ ડોલર છે. આ વર્ષે રિલાયન્સની સંપત્તિમાં ચાર અબજ ડોલર ઉમેરાઈ ગયા છે. રિલાયન્સે



પેટ્રોકેમિકલ્સની ક્ષમતાને વધારી દીધી છે. જીઓ શરૂ કરવાની સાથે જ રોકાણકારોનું આકર્ષણ આ દિશામાં વધી ગયું છે. રિલાયન્સે પોતાના ૨૧ કરોડ દૂરસંચાર ગ્રાહકોને એમેઝોન અને વોલમાર્ટ મારફતે ઇ-કોમર્સની સુવિધા આપવાની યોજના તૈયાર કરી લીધી છે. ૨૦૧૮માં અલીબાબાના જેકમાને ૧.૪ અબજ ડોલરનું નુકસાન થયું હતું. અંબાણીના મોટા પ્રોજેક્ટ ચલાવવા માટે ઓળખવામાં આવે છે. જામનગરના રિફાઇનિંગ કોમ્પ્લેક્ષની બાબત તમામમાં જાણિતી રહી છે. ભારતના સૌથી મોટા મોબાઇલ ડેટા નેટવર્ક માટેની ક્રેડિટ પણ મુકેશ અંબાણીને જાય છે. અંબાણીએ એક મિટિંગમાં કહ્યું હતું કે, ૨૦૨૫ સુધી રિલાયન્સનું નેટવર્ક બે ગણુ થઇ જશે. જીઓ ઓગસ્ટમાં ૧૧૦૦થી વધુ શહેરોમાં ફાઇબર આધારિત ઈન્ટરનેટ સેવા શરૂ કરવાની તૈયારીમાં છે. રિલાયન્સે એક દશકના લાંબા ગાળા બાદ ૧૦૦ અબજ ડોલરના ક્લબમાં એન્ટ્રી કરી લીધી છે. રિલાયન્સ જીઓએ નાની કંપનીઓને તો બજાર છોડી દેવાની ફરજ પાડી છે અથવા તો મર્જ થઇ જવા માટેની ફરજ પાડી છે. ૨૦૦૨માં ધીરુભાઈ અંબાણીના અવસાન બાદ ગ્રુપનું નેતૃત્વ મુકેશ અને અનિલ અંબાણીના હાથમાં આવ્યું હતું. ૨૦૦૫માં બંને ભાઈઓની કંપનીઓ જુદી જુદી થઇ ગઇ હતી. અંબાણીએ હાલમાં જ કહ્યું હતું કે, જુદા જુદા ક્ષેત્રોમાં તેમની કંપની આગળ વધવાની ઈચ્છા ધરાવે છે. જીઓના પરિણામ સ્વરુપે રિલાયન્સની બોલબાલ અનેકગણી વધી ગઈ છે. રિલાયન્સ માટેના પ્રવક્તાએ હાલના સંદર્ભમાં કોઇ વાત કરી નથી પરંતુ જેકમાને પાછળ છોડી દેવાને લઇને તમામમાં ચર્ચા જોવા મળી રહી છે. વિશ્વના સૌથી અમીર લોકોની યાદીમાં મુકેશ અંબાણી પહેલાથી જ સ્થાન મેળવી ચુક્યા છે. હવે એશિયાના સૌથી અમીર વ્યક્તિ તરીકે પણ ઉભરી આવ્યા છે.



અમદાવાદમાં ગુજરાત સ્ટેટ લેવલની ૩૩મી ટેકવાન્ડો ચેમ્પિયનશિપ ૨૧ અને ૨૨ જુલાઈ એરમાશે જેમાં સમગ્ર રાજ્ય માંથી ૪૦૦થી વધુ છોકરાઓ પણ ભાગ લેવાના છે શાહીબાગ ના ઘાસીરામ ચૌધરી ભવન ખાતે ૨૧ જુલાઈ એ પેટર્ન અને સેલ્ફ ડિફેન્સ રમાશે જયારે ૨૨ જુલાઈ એ ફાઈટ ના મુકાબલા થશે આ સ્પર્ધા માં ગોલ્ડ મેડલ વિજેતા ઓ ૩૩મી નેશનલ ટેકવાન્ડો ચેમ્પિયનશિપ માં ભાગ લેવા માટે દિલ્હી જશે આ અંગે માહિતી આપતા ટેકવાન્ડો ફેડરેશન ઓફ ગુજરાતના ટેક્નિકલ ડાયરેક્ટર અને ચીફ કોચ અનિલ સોલંકી એ કહ્યું હતું કે હાલ માં ઘણા બિનઅધિકૃત ટેકવાન્ડો ના કોચ ઊંચી ફી લઈને બાળકોને કોચિંગ આપે છે જેમાં ની પાસે યોગ્ય માન્યતા પ્રાપ્ત સ્ટિફિકેટ પણ હોતા નથી

ચેમ્પિયનશિપ અંગે વાત કરતા તેમણે ઉમેર્યું હતું કે આ ચેમ્પિયનશિપ માં ભાગ લેનારા સ્પર્ધકોને સર્ટિફિકેટ અને ટ્રોફી એનાયત કરવામાં આવશે જયારે ભાગ લેનારા પ્રત્યેક સ્પર્ધ માટે અમે ભોજન ની વ્યવસ્થા પણ કરીશું ટેકવાન્ડો માં ગ્રીન થી રેડ બેલ્ટ મેળવી ચૂકેલા સ્પર્ધકો આમાં ભાગ લેવા આવેલી રચના સ્કૂલ માં સાંજે પાંચથી આઠ દરમિયાન સંપર્ક કરવો.

### નિફ્ટી અને સેંસેક્સ બંનેમાં નજીવો ઘટાડો નોંધાયો

# શેરબજાર ફ્લેટ : સેંસેક્સ ૩૬૫૪૨ની સપાટી ઉપર

## નિફ્ટી પીએસયુ બેંક ઈન્ડેક્સમાં બે ટકાનો ઘટાડો નોંધાયો

એજન્સી દ્વારા
મુંબઇ,તા. ૧૩

શેરબજારમાં આજે હાલમાં ચાલી રહેલી તેજી ઉપર બ્રેક મુકાઈ હતી. ઈન્ફોસીસના પરિણામ જાહેર કરવામાં આવ્યા હોવા છતાં તેની અસર શેરબજાર ઉપર દેખાઈ ન હતી. બીએસઈ સેંસેક્સ સાત પોઈન્ટ ઘટીને ૩૬૫૪૨ની નીચી સપાટી ઉપર રહ્યો હતો. ઈન્ડેક્સ ઈન્ટ્રા ડેના કારોબાર દરમિયાન આજે પણ નવેસરની ઓલટાઈમ હાઈ સપાટી ઉપર પહોંચી ગયો હતો. તેની સપાટી ૩૬૭૪૦ નોંધાઈ હતી. આઈટીના પરિણામ જાહેર કરવામાં આવે તે પહેલા શેરબજારમાં સ્થિતિ સારી રહી પરંતુ અંતે તેમાં ઘટાડો રહ્યો હતો. નિફ્ટી ૪ પોઈન્ટ ઘટીને ૧૧૦૧૯ની સપાટીએ રહ્યો હતો. ઈન્ફોસીસના શેરમાં ૨.૨ ટકાનો ઉછાળો નોંધાયો હતો. તેની સપાટી નેશનલ સ્ટોક એક્સચેંજમાં ૧૩૨૩ નોંધાઈ હતી. સેક્ટરલ ઈન્ડેક્સની વાત કરવામાં આવે તો નિફ્ટી પીએસયુ બેંક ઈન્ડેક્સમાં બે ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. કેનેરા બેંક અને ઈન્ડિયન બેંકના શેરમાં ઘટાડો રહ્યો હતો. એશિયન શેરબજારમાં આજે રિકવરી જોવા મળી હતી. અમેરિકા અને ચીન વચ્ચેના વેપાર સંબંધોમાં તંગદિલી તમામ ઉપર અસર કરી રહી છે. ગઈકાલે સેંસેક્સ ૨૮૨ પોઈન્ટ ઉછળીને ૩૬૫૪૮ની ઉંચી સપાટીએ રહ્યો હતો. સેંસેક્સે ૨૯મી જાન્યુઆરી ૨૦૧૮ના દિવસે હાંસલ કરવામાં આવેલી ૩૬૨૮૩ની સપાટીને આજે કુદાવી લીધી હતી. ક્રૂડ ઓઈલની કિંમત, ડોલર સામે રૂપિયાની ચાલની અસર પણ રોકાણકારો ઉપર થશે. ટ્રેડવોરની ચિંતા સૌથી વધુ દેખાઈ રહી છે. અત્રે નોંધનીય છે કે, અમેરિકા અને ચીન વચ્ચે ટ્રેડવોરની શરૂઆત થઇ ચુકી છે. ધારણા પ્રમાણે જ અમેરિકાએ શુક્રવારે ૩૪ અબજ ડોલરના ચીની આયાત ઉપર ૨૫ ટકાના નવા ટેરિફ લાગૂ કરવાની જાહેરાત કરી હતી. આની સાથે જ અમેરિકાએ ચીનને મોટો ફટકો આપ્યો હતો. આના જવાબમાં ચીને પણ અમેરિકી ચીજવસ્તુઓ ઉપર ટેરિફ લાગૂ કરવાની જાહેરાત કરી હતી. વિપ્રો, ટેક મહિન્દ્રા દ્વારા પણ તેમના પગલા લેવામાં આવનાર છે. મોનસુનની પ્રગતિને લઈને પણ દલાલ સ્ટ્રીટમાં અસર જોવા મળી છે. મધ્યપૂર્વમાં પ્રવર્તી રહેલી તંગદિલી અને તેલ ઉત્પાદન કરતા દેશોમાં ખલેલની અસર પણ દેખાઈ રહી છે.

### નેટ નફો વધીને ૩૬.૧૨ અબજ રૂપિયા થયો

# ઈન્ફોસીસનો નફો ૩.૭ ટકા સુધી વધ્યો : પરિણામ જાહેર

## એક વર્ષ અગાઉની સરખામણીમાં કંપનીના નેટ નફામાં ઉલ્લેખનીય વધારો : એક ફ્રી શેરના ઈશ્યુની મંજુરી મળી

એજન્સી દ્વારા
મુંબઇ,તા. ૧૩

દેશની બીજી સૌથી મોટી સોફ્ટવેર સર્વિસ કંપની ઈન્ફોસી દ્વારા આજે તેના પરિણામોની જાહેરાત કરવામાં આવી હતી. ઈન્ફોસીસ બોર્ડ દ્વારા દરેક શેર માટે એક ફ્રી શેરના ઈશ્યુને મંજુરી આપી હતી. ઈન્ફોસીસે ૩૦મી જૂન ૨૦૧૮ના દિવસે પુરા થયેલા ત્રિમાસિક ગાળા માટે તેના કન્સોલીડેટ નેટ પ્રોફિટમાં ૩.૭ ટકાનો વધારો દર્શાવ્યો હતો. આની સાથે જ નફો ૩૬.૧૨ અબજ રૂપિયા સુધી પહોંચી ગયો છે. એક વર્ષ અગાઉના ગાળામાં નેટ નફો ૩૪.૮૩ અબજ રૂપિયાનો હતો. બેંગ્લોર સ્થિત કંપનીના ઓપરેશનથી રેવેન્યુમાં ૧૨ ટકાનો વધારો થતાં આંકડો એપ્રિલ-જૂનના ત્રિમાસિકગાળામાં ૧૨ ટકા વધીને ૧૯૧.૨૮ અબજ રૂપિયા થઇ ગયો છે. બીએસઈ ફાઈલિંગમાં ઈન્ફોસીસ દ્વારા આજે આ મુજબની વાત કરવામાં આવી હતી. ઈન્ફોસીસ બોર્ડ દ્વારા દરેક શેર ૧:૧ બોનસ ઈશ્યુ માટે પ્રતિ ફ્રી શેરના ઈશ્યુને મંજુરી આપી દેવામાં આવી છે. ઈન્ફોસીસે રેવેન્યુ ગ્રોથમાં પણ ઉલ્લેખનીય સુધારો કરીદીધો છે. સીઈઓ અને કંપનીના એમડી સલીમ પારેખે કહ્યું છે કે, મજબૂત રેવેન્યુ અને માર્જિન પરફોર્મન્સ દર્શાવે છે કે, ડિજિટલ અને આર્ટીફિશિયલ ઈન્ટેલીજન્સના આધાર પર અમે ભાર મુકી રહ્યા છે. જેના પરિણામ સ્વરુપે અમારા ક્લાઈન્ટોમાં વિશ્વાસ વધી રહ્યો છે. માર્કેટમાં કંપની સારી સ્થિતિ જોઈ રહી છે. શેરબજારમાં આજે કારોબાર પૂર્ણ થયા બાદ પરિણામો જાહેર કરવામાં આવ્યા હતા. ઈન્ફોસીસના શેરમાં ૧.૧૨ ટકાનો વધારો નોંધાયો હતો. તેના શેરની કિંમત ૧૩૦૯.૧ રૂપિયા રહી હતી. કંપનીએ એપ્રિલ મહિનામાં જાહેરાત કરી હતી કે, તે સ્પેશિયલ ડિવિડંડ મારફતે ૨૬ અબજ રૂપિયા સહિત શેરધારકોને ૧૩૦ અબજ રૂપિયાની ચુકવણી કરશે. ટીસીએસે નેટનફામાં ૨૩.૪ ટકાનો વધારો હાલમાં જાહેર કર્યો હતો.

### સચિવાલય સહિત ઘણા વિસ્તારમાં પાણી ભરાયા

# દિલ્હી-NCRમાં મૂશળધાર વરસાદ : તાપમાનમાં ઘટાડો

## લઘુત્તમ-મહત્તમ તાપમાનમાં ઘટાડો થતાં ગરમીથી રાહત

એજન્સી દ્વારા
નવીદિલ્હી, તા. ૧૩

દિલ્હી-એનસીઆરમાં આજે બપોરે ભારે વરસાદના કારણે ગરમી અને બાફથી લોકોને રાહત મળી હતી. કેટલીક જગ્યાઓએ જળબંબાકારની સ્થિતિ પણ સર્જાઈ હતી. ટ્રાફિકમાં પરેશાનીનો સામનો પણ લોકોને કરવો પડ્યો હતો. પાટનગર દિલ્હી સહિત સમગ્ર એનસીઆરમાં લોકો વરસાદનો ઈન્તજાર કરી રહ્યા હતા. છેલ્લા બે દિવસથી મોનસુની વાદળો ઘેરાયેલા હતા પરંતુ વરસાદ થઈ રહ્યો ન હતો. દિલ્હીમાં મોનસુન સામાન્યથી એક દિવસ પહેલા એટલે કે ૨૭મી જૂનના દિવસે એન્ટ્રી કરી ગયા બાદ પણ હજુ સુધી ભારે વરસાદ થઈ રહ્યો નથી. છેલ્લા કેટલાક દિવસથી મોનસુનની સ્થિતિ નબળી પડી રહી હતી. હવે વરસાદના કારણે લોકો રાહત અનુભવી રહ્યા છે. દિલ્હીમાં આજે સવારે વાદળ છાયેલા રહ્યા હતા. તાપમાન ૨૭.૮ ડિગ્રી રહ્યું હતું. દિલ્હી સચિવાલય અને આસપાસના વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. પાણી ભરાઈ જવાના કારણે લોકોને મુશ્કેલીનો સામનો પણ કરવો પડ્યો હતો. એકબાજુ દિલ્હીમાં હળવો વરસાદ થઈ રહ્યો છે ત્યારે દેશના અન્ય કેટલાક ભાગોમાં હજુ પણ અપેક્ષા મુજબનો વરસાદ થયો નથી. રાજસ્થાનના જુદા જુદા ભાગોમાં હજુ પણ હળવો વરસાદ થઈ રહ્યો છે. આ ઉપરાંત ઉત્તરપ્રદેશ બિહાર જેવા રાજ્યોમાં પણ ઓછો વરસાદ થયો છે. દિલ્હી-એનસીઆરના વિસ્તારોમાં ભારે વરસાદના પરિણામ સ્વરુપે એકબાજુ ગરમીથી લોકોનો રાહત મળી છેત્યારે બીજી બાજુ ખેડૂત સમુદાયની ચિંતા ઓછા વરસાદગ્રસ્ત વિસ્તારને લઈને અકબંધ રહી છે. કારણ કે, ઓછા વરસાદથી વાવણીની પ્રક્રિયા ઉપર સીધી અસર થઈ છે. કેન્દ્ર સરકાર પણ ઓછા મોનસુની વરસાદના કારણે ચિંતાતુર છે. ઉત્પાદનમાં અસર થઈ શકે છે. ભાવ વધારાની દહેશત પણ રહેલી છે. લોકસભાની ચૂંટણી નજીક છે ત્યારે ઓછા વરસાદની સ્થિતિ ચિંતા સર્જે છે.

### હબ રચવાની બાબત નિરીક્ષણ રાજ સમાન છે

# સોશિયલ મિડિયા હબ રચવાના સંદર્ભે સુપ્રીમ ભારે લાલઘૂમ

(સંપૂર્ણ સમાચાર સેવા
નવીદિલ્હી,તા. ૧૩

સુપ્રીમ કોર્ટે ઓનલાઈન ડેટા ઉપર નજર રાખવા માટે સોશિયલ મિડિયા હબની રચનાના માહિતી અને પ્રસારણ મંત્રાલયના નિર્ણય ઉપર નારાજગી વ્યક્ત કરીને કહ્યું છે કે, આ નજર રાખવાની બાબત અયોગ્ય સાબિત થશે. આ પ્રકારની યુક્તિને યોગ્ય ગણી શકાય નહીં. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, સરકાર નાગરિકોના વોટ્સએપ સંદેશાઓને ટેપ કરવા માંગે છે કે કેમ તેનો લઈનો સરકાર પાસેથી જવાબની માંગ કરવામાં આવી છે. બે સપ્તાહમાં જવાબ આપવા માટે કહેવામાં આવ્યું છે. ચીફ જસ્ટિસ દિપક મિશ્રા, જસ્ટિસ ખાનવીલકર અને જસ્ટિસ ચંદ્રચુડની બેંચે તૃણમુલ કોંગ્રેસના ધારાસભ્ય મહુવા મોહિત્રાની અરજી ઉપર કેન્દ્ર સરકારને નોટિસ જારી કરીને આ મામલામાં એટર્ની જનરલ કેકે વેણુગોપાલ પાસેથી સહકારની માંગ કરી છે. બેંચે કહ્યું છે કે, સરકાર નાગરિકોના વોટ્સએપ સંદેશાઓને ટેપ કરવા ઈચ્છે છે અને આ નજર રાખવા સંબંધિત શાસન સમાન છે. મોહિત્રાની અરજીની તરફેણ કરી રહેલા વકીલ એએમ સિંઘવીએ કહ્યું હતું કે, સરકારે અરજીઓ મંગાવી છે અને આ સંદર્ભમાં ૨૦મી ઓગસ્ટના દિવસે આ અરજીઓ ખુલનાર છે. સિંઘવીએ ઉમેર્યું હતું કે, તેઓ સોશિયલ મિડિયા હબ મારફતે સોશિયલ મિડિયાની બાબતોને નજર હેઠળ રાખવા ઈચ્છુક છે. આના પર બેંચે કહ્યું હતું કે, આ સંદર્ભમાં ૨૦મી ઓગસ્ટના દિવસે ટેન્ડર ખુલતા પહેલા આ મામલાનો ત્રીજી ઓગસ્ટ માટે સુનાવણી હાથ ધરવા માટે નક્કી કરી રહી છે. એટર્ની જનરલ અથવા તો સરકારના કોઈપણ અધિકારી આ મામલામાં કોર્ટની મદદ કરી શકશે. આ પહેલા ૧૮મી જૂનના દિવસે સુપ્રીમે અરજી પર તરત સુનાવણીનો ઈન્કાર કર્યો હતો.

### મંદિરની દિવાલ ઉપર સાઈનો ફોટો ઉભર્યાની ચર્ચા

# શિરડી : સાઈબાબા દેખાયાની અફવાથી શ્રદ્ધાળુઓ ઉમટ્યા

એજન્સી દ્વારા
અહેમદનગર,તા. ૧૩

શિરડીના પ્રસિદ્ધ મંદિરમાં સાઈબાબા દેખાયા હોવાની અફવાના કારણે શ્રદ્ધાળુઓમાં અભૂતપૂર્વ ધસારો જોવા મળી રહ્યો છે. મિડિયા રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, બુધવાર રાતથી મંદિરના દ્વાર બંધ કરવામાં આવ્યા નથી. શ્રદ્ધાળુઓનો ધસારો અવિરતરીતે જારી છે. શ્રદ્ધાળુઓએ દાવો કર્યો છે કે, મંદિરની દિવાલ ઉપર સાઈબાબાનો ફોટો ઉભરી આવ્યો છે. આ અફવા ફેલાતાની સાથે જ શ્રદ્ધાળુઓનો ધસારો પહોંચી રહ્યો છે. મહારાષ્ટ્રના અહેમદનગર જિલ્લાના શિરડીમાં લોકપ્રિય સાઈબાબાનું મંદિર સ્થિત છે. આ મંદિરમાં દરરોજ દેશવિદેશમાંથી આશરે ૨૫૦૦૦ શ્રદ્ધાળુઓ પહોંચે છે. બુધવારે રાત્રે એવી અફવા ફેલાઈ ગઈ હતી કે, મંદિરની એક દિવાલ ઉપર સાઈબાબાનો ચહેરો ઉભરી આવ્યો છે. ત્યારબાદથી શ્રદ્ધાળુઓ ત્યાં પહોંચવા લાગી ગયા છે. કેટલાક શ્રદ્ધાળુઓ ભાવનાશીલ બનીને રડી પડ્યા હોવાના અહેવાલ મળ્યા છે. ગુરુવાર અને શુક્રવારના દિવસો પણ શ્રદ્ધાળુઓનો ધસારો અકબંધ રહ્યો હતો. જેના પરિણામ સ્વરુપે મંદિરના દ્વાર બંધ કરવામાં આવ્યા નથી. લોકો દર્શન કરવા માટે ઉમટી રહ્યા છે. ફોટોઓ અને વિડિયો પણ બનાવી રહ્યા છે. શિરડીમાં સાઈબાબાના ભક્તોની વિશાળ જનસંખ્યા છે. સાઈબાબાની મૂર્તિ સોનાના સિંહાસન પર સ્થાપિત કરવામાં આવી છે. આ મંદિર ૨૦૦ વર્ગમીટરમાં સ્થિત છે. એમ કહેવામાં આવે છે કે, ૧૯૩૮માં મહારાષ્ટ્રના પથરીમાં સાઈબાબાનો જન્મ થયો હતો જેમને લોકો ભગવાનના અવતાર તરીકે ગણતા હતા. ૧૬ વર્ષની વયમાં સાઈબાબા શિરડી પહોંચ્યા હતા અને વર્ષો સુધી તપ કરતા રહ્યા હતા. તેમના ચમત્કારના કારણે લોકો તેમને સંત ગણવા લાગી ગયા હતા. શ્રદ્ધાળુઓમાં અભૂતપૂર્વ વિશ્વાસ છે.

# નિર્મલ મેટ્રો

## તંત્રીની કલમે....

આગામી વર્ષે કેન્દ્રની ચુંટણી હોવાને કારણે ચારવર્ષ બાદ એકાએક જ કેટલાક નિર્ણયો સરકાર દ્વારા લેવાઇ રહ્યાં છે જેમાં ટેકાનાં ભાવમાં વધારો એક છે આમ તો દેખીતી રીતે આ પગાલાને કારણે ખેડુતોને ફાયદો થશે તેવું કહેવાઇ રહ્યું છે પણ નિષ્ણાંતો માની રહ્યાં છે કે તેના કારણે મોંઘવારીમાં વધારો થશે.આ વર્ષે પ્રચંડ પ્રમાણમાં ખેડૂતોને વળતરના ભાવ ન મળવાથી કૃષિમંત્રાલય દ્વારા અગાઉ પ્રસ્તાવિત કરાયેલાં ટેકાના ભાવ સલાહકારી સંસ્થા કમિશન ઑફ એગ્રિકલ્ચરલ કોસ્ટ્સ ઍન્ડ પ્રાઈસીસની ભલામણ કરતાં ઊંચા હતા. વર્ષ ૨૦૧૭-૧૮ના પાક વર્ષ (જુલાઈ-જૂન)માં દેશમાં ઘઉં, ચોખા, કઠોળ અને જાડા ધાન્યના ઉત્પાદનમાં વધાર થતાં કુલ ખાદ્યાન્નનું ઉત્પાદન ઓલ ટાઈમ હાઈ ૨૭.૯૫૧ કરોડ ટનની આસપાસ રહેવાનો અંદાજ મૂકવામાં આવ્યો છો. ટેકાના ઊંચા ભાવની જાહેરાત તેમ જ દેશમાં માફકસરનું થવાની આગાહીને ધ્યાનમાં લેતાં ખાદ્યાન્નનું ઉત્પાદન તો વધશે, પણ સાથે ફુગાવો ય વધે તેવી શક્યતા નિષ્ણાતો નકારતા નથી.આ વધારાથી ભારતીય અર્થતંત્ર પરની અસર ખાસ પ્રોત્સાહક નહીં હોય એમ નિષ્ણાતોનું માનવું છે. વિશ્ર્લેષકો અને અર્થશસ્ત્રીઓએ ચેતવણી આપી હતી કે આ પગલું ફુગાવામાં વધારાની તરફ ધક્કો મારશે, નાણાકીય ખાધણાં વધારો કરશે, જેને પગલે રિઝર્વ બૅંક ઑફ ઈન્ડિયાને વ્યાજ દરમાં ધારણા કરતા તીવ્ર વધારો કરવાની ફરજ પડશે. લઘુતમ ટેકાના ભાવ (એમએસપી)ની અસર અત્યારે નક્કી કરવી એ કટાણાનું ગણિત કહેવાશે. ફુગાવા સંબંધી અસર નક્કી કરવા માટે માર્કેટ પ્રાઈસીસ વિરુદ્ધ એમએસપીની દષ્ટિએ જોતાં આપણે ઑક્ટોબર-નવેમ્બર સુધી રાહ જોવી રહી. એમએસપીના વધારાની ઘોષણાથી રિઝર્વ બૅંક ઑફ ઈન્ડિયા (આરબીઆઇ)ના તાત્કાલિક નિયોજિત પ્રતિક્રિયામાં પરિવર્તન નહીં આવે, કારણ કે મૂળ ફુગાવો, તેલ અને ચલણ સમય અને દર વધારાના વ્યાપને ગતિ આપવાના ચાવીરૂપ ઘટકો છે. આપણે એવી ધારણા રાખીએ કે ઉચ્ચ કેન્દ્રભૂત ફુગાવા અને તેલના ભાવોને કારણે આરબીઆઇ ઑગસ્ટ તેમ જ ઑક્ટોબરમાં દરમાં વધારો કરે.વધારો ખરે જ ધારણાના પ્રમાણમાં છે. જો બજાર પક્ષે એમએસપી કરતાં ભાવ વધારે તો પરિસ્થિતિ ફુગાવાજનક બને. જો ખેડૂતોને એમએસપી વધારાનો ફાયદો મળે તો ગ્રામીણ આવકમાં વધારો થતાં એબીએફસી (નોન-બૅંક્રિંગ ફાઈનાન્શિયલ ક્ંપની)ઓને અને ઑટોમોબાઈલ ક્ષેત્રને લાભ મળશે. વર્ષો પસાર થાય એમ સરકાર દ્વારા એમએસપીમાં સુધારો કરાતો આવ્યો જ છે, પણ એવું નથી લાગતું કે નિર્ધારિત ભાવ ખેડૂતો સુધી પહોંચ્યા હોય એટલે અત્યારે તો થોભો અને જુઓની નીતિ જ અખત્યાર કરવા જેવી છે.બીજું, ફસલોની ખરીદી હાલના જૂથમાંથી વધારવામાં આવશે કે નહીં, વળી, એમ પાકું કરવું હોય કે ખેડૂતોને તેમના ઉત્પાદનોની એમએસપીને યોગ્ય કિંમત મળે છે, તો મોંઘવારી પર વધારેલા એમએસપીના પ્રભાવની માહિતી કાઢવી મુશ્કેલ છે.ટૂંકમાં ૨૦૧૯ની લોકસભાની આવનારી ચૂંટણીને ધ્યાનમાં રાખીને ખેડૂત નામનું પત્તુ રમવામાં આવ્યું હોવાનું એક ઘટકનું માનવું હોવા છતાં અને આ કારણે ફૂગાવો અવશ્ય વધશે એવું પણ ચોક્કસ વર્ગ માની રહ્યો છે.

# ઝી ક્લાસિક પ્રસારિત કરે છે, અમિતાભ બચ્ચનની સદાબહાર ક્લાસિક કૂલી, રવિવાર, ૧૫મી જુલાઈ, સાંજે ૭ વાગ્યે



નવીદિલ્હી તા. ૧૩ જુલાઈ, ૨૦૧૮: એમિરેટ્સ એરલાઈનના રોયલ્ટી પ્રોગ્રામ એમિરેટ્સ સ્કાયવર્ડ્ઝ દ્વારા એન્ટરટેઈનરના સહયોગથી સભ્યો માટે તેની પોતાની એમિરેટ્સ સ્કાયવર્ડ્ઝ ગો એપ શરૂ કરવામાં આવી છે. આ એપ મોબાઈલ ટ્રાવેલ કમ્પેનિયન છે, જે સભ્યોને ૨૦થી વધુ શહેરોમાં કેટલાક સ્પા તથા ઉત્તમ રેસ્ટોરન્ટસની ૪૪૦૦ થી વધુ ૨-ફોર-૧ ઓફરો પૂરી પાડે છે.

નાણાંનુ વળતર પૂરી પાડતી આ ઓફરોમાં એમિરેટ્સ સ્કાયવર્ડ્ઝ ગો તેના સભ્યોને ૧૬૦ સ્થળોએ ડે પ્લાનર્સ, સીટી ગાઈડ્ઝ, તથા ઝડપથી ટુર અને આકર્ષણો બુક કરવાની સગવડ પૂરી પાડે છે.આ એપ એન્ડ્રોઈડ અનેૅજી ડિવાઈસ પર ફ્રીમાં ડાઉનલોડ કરી શકાય છે .

આ ૬૭૦૦ સ્કાયવર્ડ્ઝ માઈલ્સથી.આ ૨-ફોર-૧ ઓફરો અનલોક કરી શકાય છે અને એમિરેટ્સ જે શહેરોમાં ઉડાન ભરે છે તેવાં ૨૦ થી વધુ શહેરોમાં ઉપલબ્ધ છે. આ શહેરોમાં દુબઈ,લંડન, હોંગકોંગ અને જોહાનિસબર્ગનો સમાવેશ થાય છે. વધુ માહિતી માટે emirates.com/skywardsgoની મુલાકાત લો.

# કૃતિ સનુન પાસે હાઉસફુલ-૪ સહિત ૫ ફિલ્મો હાથમાં

એજન્સી દ્વારા
મુંબઇ,તા. ૧૩

બરેલી કી બરફી મારફતે લોકપ્રિયતા મેળવી ચુકેલી અભિનેત્રી કૃતિ સનુન હાલમાં હાઉસફુલ-૩ સહિત પાંચ ફિલ્મો હાથમાં ધરાવે છે. તેની પાસે જે ફિલ્મો રહેલી છે તેમાં કલંક, પાનિપત, હાઉસફુલ-૪ અને અર્જુન પટિયાળા ફિલ્મનો સમાવેશ થાય છે. આ તમામ ફિલ્મો પૈકી મોટા ભાગની ફિલ્મો વર્ષ ૨૦૧૯માં રજૂ કરવામાં આવનાર છે. જેથી તે વર્ષ ૨૦૧૯માં છવાયેલી રહે તેવી શક્યતા છે. કૃતિ સનુને કહ્યુ છે કે તેની પાસે સારી ફિલ્મોની ઓફર આવી રહી છે. કૃતિ સુશાંત સાથે જોવા મળી હતી. જો કે આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ફ્લોપ રહી હતી. તે પહેલા શાહરૂખ ખાનની મોટી ફિલ્મ દિલવાલેમાં નજરે પડી હતી.

# અરવિંદ સ્માર્ટ સ્પેસીસ રજૂ કરે છે, અમદાવાદના મધ્યમાં નવા વ્યાજબીદરના હાઉસિંગ પ્રોજેક્ટની રજૂઆત કરે છે

જુલાઈ ૧૩મી, ૨૦૧૮, રાષ્ટ્રિય: અરવિંદ સ્માર્ટસ્પેસીસ, ભારતનું અગ્રણી રિયલ એસ્ટેટ વિકાસ કંપની અને અરવિંદ જૂથની કંપનીનો હિસ્સો છે, તે આજે જાહેર કરે છે કે, અમદાવાદમાં તે ‘અરવિંદ આવિષ્કાર’ના નામે પ્રથમ તબક્કામાં નવા વ્યાજબી પ્રોજેક્ટ રજૂ કરે છે. શહેરના મધ્યમાં સ્થિત આ પ્રોજેક્ટ નરોડા રોડ ખાતે, અરવિંદ સ્માર્ટ સિટીના માર્કની રચના હશે, જે અરવિંદ સ્માર્ટ સ્પેસીસ દ્વારા રહેણાંક, કોમર્શિયલ અને રીટેલ પ્રોજેક્ટનું હોટસ્પોટ બની રહેશે. આ વિકાસમાં ૨ બીએચકેના ૧૨૦૦ યુનિટ હશે, જેનો કારપેટ વિસ્તાર ૪૭૫થી ૬૫૦ ચોરસ ફીટ હશે અને કિંમત રૂ. ૨૦ લાખથી શરૂ થઈને રૂ.૩૫ લાખ સુધીનો હશે. ૧૨ લાખ ચોકર ફૂટમનો આ પ્રોજેક્ટ બે તબક્કામાં આગામી ૩થી ૫ વર્ષમાં પૂરો થશે.

અમદાવાદમાં આ નવા પ્રોજેક્ટની રજૂઆત અંગે જણાવતા, શ્રી કમલ સિંગલ, સીઈઓ અને એમડી, અરવિંદ સ્માર્ટસ્પેસીસ કહે છે, “અમે અમદાવાદમાં અમારા બીજા વ્યાજબીદરના પ્રોજેક્ટ અરવિંદ આવિષ્કારની રજૂઆતની જાહેરાત કરતા અત્યંત ખુશી અનુભવીએ છીએ. આ પ્રોજેક્ટ અરવિંદ લિ. અને અરવિંદ સ્માર્ટસ્પેસીસના અમદાવાદ શહેરમાં જ એક સ્માર્ટ સિટી વિકસાવવાના દ્રષ્ટિકોણનો ઉમેરો છે અને અમારા ગ્રાહકોનું જીવનધોરણ પણ સુધારશે. સરકારની વ્યાજબીદરના ઘરોના વિચારને ધ્યાને લેતા અને તાજેતરમાં સરકારની દરેકને ઘરની નીતિની જાહેરાતની પહેલ હેઠળ આ પ્રોજેક્ટ રજૂ કરવાનો આ શ્રેષ્ઠ સમય છે અને તેનાથી બજારમાં પૂરવઠો પણ ઉભો કરી શકાશે. મુખ્ય બજારોમાં સ્થિરતાપૂર્વક વધતા શેરહોલ્ડરોના મૂલ્યને વધારવાની અમારી વ્યૂહરચનાને ધ્યાને રાખીને આ રજૂઆત કરવામાં આવી છે.”

# ફ્યુચર જેનેરાલી ઈન્ડિયા લાઈફ ઈન્શ્યુરન્સ પ્રા. લિમિટેડ દ્વારા ગ્રાહકોને રિયલ ટાઈમ સેવા આપવા માટે વ્હોટ્સએપ ફોર સર્વિસ અને ચેટબોટ રેવા લોન્ચ કરાયા

મુંબઈ, ૧૩મી જુલાઈ, ૨૦૧૮:ફ્યુચર જેનેરાલી ઈન્ડિયા લાઈફ ઈન્શ્યુરન્સ પ્રા. લિ.એ આજે બે ડિજિટલ પહેલો- ચેટબોટ રેવા (રોબોટિક એનેબલ્ડ વર્ચ્યુઅલ આસિસ્ટન્ટ) અને અજોડ વ્હોટ્સએપ ફોર સર્વિસ પહેલ લોન્ચકરી છે, જે જીવન વીમા અવકાશમાં સૌપ્રથમ છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને સ્વાભાવિક ભાષા પ્રક્રિયાઓનો ઉપયોગ કરતાં આ બંને ડિજિટલ મંચો પોલિસીધારકોને રિયલ ટાઈમ ધોરણે તેમની પોલિસી સંબંધી મૂંઝવણો સામે નિવારણો આપશે.

વ્હોટ્સએપ ફોર સર્વિસ પહેલ ગ્રાહકોને તેમની પોલિસીને પહોંચ મેળવવા સશક્ત બનાવવા અને પોલિસી શેરિંગ, આધાર/ પેન ડોક્યુમેન્ટ વેરિફિકેશનથી પોલિસી નવીનીકરણ, પ્રીમિયમ એલર્ટસ, ડોક્યુમેન્ટ કલેક્સન અને મહત્ત્વપૂર્ણ અપડેટ્સ પ્રાપ્ત કરવા સુધી ઘણી બધી સેવાઓ તેમને પૂરી પાડશે. ટૂંક સમયમાં જ તે યુનિટ સ્ટેટમેન્ટ, દાવાઓ, પ્રીમિયમ ચૂકવેલું સર્ટિફિકેટ, નવીનીકરણ ચુકવણી વગેરે માટે ગ્રાહક વિનંતીને ટૂંક સમયમાં સમાવી લેશે. નવા ગ્રાહકો આવે તે દરેક સમયે પોલિસીની સોફ્ટ કોપી વ્હોટ્સએપ પર ગ્રાહકને જારી કરાશે. ૨૪ ટ ૭ ઓન- ધ- ગો સર્વિસ ગ્રાહકોને અમારી સેવાઓને સુવિધાજનક અને આસાન પહોંચ આપીને સર્વિસ ડિલિવરી ઝડપી બનાવશે અને ગ્રાહક અનુભવ નોંધનીય રીતે સુધારશે. અમે આ સેવા શરૂ કર્યાના બે સપ્તાહમાં અમારા ગ્રાહકોને ૫૦૦૦ પોલિસીઓની ડિલિવરી કરી દીધી છે.

# સિનેપોલિસ થિએટરમાં બેસીને જોઇ શકો છો ફિફા વર્લ્ડ કપ રુસ ૨૦૧૮નું લાઇવ પ્રસારણ

જૂલાઈ, ૨૦૧૮ : સિનેપોલિસ, ભારતની પ્રથમ આંતરરાષ્ટ્રીય અને વિશ્વની બીજી સૌથી મોટી મૂવી થિયેટર ચેઈન, ફિફા (ૹૈંહ્લછ) વર્લ્ડ કપ રશિયા ૨૦૧૮ ના નોકઆઉટ મેચોના લાઈવ બ્રોડકાસ્ટના અધિકાર મેળવ્યા છે. આ પહેલ સાથે, સિનેપોલિસ ઈન્ડિયા ભારતની મોટી સ્ક્રીન પર ફુટબોલને દર્શાવવામાં પહેલું પ્રદર્શક બની જશે. આ ભાગીદારી લાંબા સમય સુધી જશે કારણકે ફૂટબૉલ પ્રેમી વાસ્તવિક ફૂટબૉલ સ્ટેડિયમની જેમ મેચનો નજારો જોઈ શકશે.

આ સ્ક્રીનિંગ હેઠળ બધાં વર્ગના લોકો એક જ મંચ પર ફૂટબોલ ટૂર્નામેન્ટનો લાભ ઉઠાવી શકશે અને સિનેપોલિસની પસંદગીની પ્રોપર્ટીઝ પર ટૂર્નામેન્ટની ફાઈનલ મેચોનું જશ્ન મનાવી શકશે. દૂનિયાભરની નજરો આ ચેમ્પિયનશીપ ફિફા વર્લ્ડ કપ રુસ ૨૦૧૮ પર અટકેલી છે. ફિફા વર્લ્ડ કપ રશિયા ૨૦૧૮ની ફાઈનલ મેચને અમદાવાદ, દિલ્લી, બેંગ્લોર, મુંબઇ, કોલકાત્તા, પૂણે, ગુવાહાટી, લખનઉ અને મેંગ્લોરમાં સિનેપોલિસના ૧૦૧થી વધારે સ્ક્રીન્સ પર બતાવવામાં આવશે અને સ્ટેડિયમ નિશ્ચિત રૂપથી અનોખા રોમાંચથી ભરાઇ જશે.

સિનેપોલિસ ઈન્ડિયાના સ્ટ્રેટેજીક ઈનીશિએટિવ્સ ડાયરેક્ટર શ્રી દેવાંગ સંપતે કહ્યું, "અમને ખુશી છે કે અમે દેશમાં પહેલી વાર દર્શકોને સ્ટેડિયમ જેવી લાઇવ સ્ક્રીનિંગનો અનુભવ પ્રદાન કરવા જઈ રહ્યાં છીએ. દર્શકો સિનેમા હોલમાં બેસીને ૨૦૧૮ ફિફા વર્લ્ડ કપનો આનંદ લઈ શકશે. ભારતમાં મોટી સંખ્યામાં ક્રિકેટ પ્રશંસક છે, પરંતુ હવે આઈએસએલ અને ભારતીય ફૂટબોલ પણ પોતાના જોરદાર પ્રદર્શનની સાથે સોકરને નવા સ્તર સુધી લઈ જવા માટે તૈયાર છે.”

# દીનાનાથજી ખૂબસૂરત જહાન્વી કપૂર માટે ઘૂટણીયે પડે છે



કલર્સના લોકપ્રિય ડાન્સ રિઆલિટી શો ડાન્સ દીવાને પ્રતિસ્પર્ધીઓ દિવારા ઉષ્માપ્રૂણ અને દર્શનીય ડાન્સ પરફોર્મન્સિસ વડે ચર્ચાનો વિષય બનેલ છે. આ વીકએન્ડ વધુ ઉત્તેજનાપૂર્ણ બનવા જઈ રહેલ છે કેમ કે દર્શકો 'ધડક'ના 'ઝિનગાટ' ટ્રુપનું એટલે કે આ વીકએન્ડ પર, મનોરંજન વધુ ઉપર જશે કેમ કે 'ધડક' કાસ્ટ-ડાયરેક્ટર અને પ્રોડ્યુસર કરણ જૌહર સહિત ઈશાન ખટ્ટર, જહાન્વી કપૂર ખાસ મહેમાન હશે.

એપિસોડની હાઈલાઈટ હશે જ્યારે ઈશાન ખટ્ટર અને દીનાનાથજી જહાન્વી કપૂર માટે 'તૂ જાને ના' ('ધડક' મૂવીમાં છે તે પ્રકારે) રમૂજી રીતે ગણગણતા ઘૂંટણિયે પડે છે. દીનાનાથ જીના આ મીઠડા હાવભાવથી ખાસ્સી પ્રભાવિત જહાન્વી કપૂર પોતાનો મલકાટ રોકી શકતી નહોતી. આ મોજીલી ક્ષણને શશાંક ખૈતાન તરફથી પુષ્કળ પ્રશંસા મળી જેમને દીનાનાથજી અને અત્યાર સુધીની તેમની મુસાફરી માટે ખૂબ જ ગર્વ છે. ધડકના ડાયરેક્ટરે પણ ઉમેર્યું કે એક સામાન્ય ફળ વેચનારાએ ડાન્સ માટેની પોતાની ઘેલછા વડે ઘણાં બધાંને પ્રેરણા આપી છે અને આ પોતાની રીતે વધાવી લેવાને પાત્ર છે.

વધુ મસ્તી અને ડાન્સ દીવાનેને જોવા જોડાયેલા રહો દર શનિવાર અને રવિવાર રાત્રે ૯.૦૦ કલાકે ફક્ત કલર્સ પર

# મેગી કિચન જર્નીઝ : ૧૨ પ્રેરણાત્મક સ્ત્રીઓની વારતાઓની ઉજવણી

બ્રાન્ડ તરીકે મેગી હંમેશાં માનતી આવી છે કે રસોઈકળા એ રસોડા પૂરતી સીમિત નહીં રહેવી જોઈએ. રસોઈ બનાવવાનું સાધારણ કૃત્ય આપણને ઉત્સુક, ક્રિયાત્મક અને ભાવનાત્મક બનાવવા સાથે તે આપણને સ્વંતત્રતા, સંસાધનયુક્ત અને સતર્કતા પણ શીખવે છે. આ આધાર પર મેગીએ કુછ અચ્છા પક રહા હૈ થકી ઘણી બધી પહેલોને ટેકો આપીને તેના આ વિચાર પર હિમાયત પ્રેરિત કરવાનું લક્ષ્ય રાખ્યું છે. આ સંકલ્પનાને વધુ આગળ લઈ જતાં મેગી કિચન જર્નીઝ પોતાનાં સપનાંઓને આકાર આપવા, અંગત મુશ્કેલીઓથી બહાર આવવા અને તેમના પરિવારનું ભાગ્ય બદલવાની તેમની રસોઈકળાની શક્તિનો ઉપયોગ કરતી સ્ત્રીઓની હિંમત અને લગનીની ઉજવણી કરે છે.

આ પહેલ વિશે બોલતાં નેસલે ઈન્ડિયાના ચેરમેન અને મેનેજિંગ ડાયરેક્ટર શ્રી સુરેશ નારાયણને જણાવ્યું હતું કે અમારી પ્રોડક્ટો માટે અમારો હેતુને ધ્યાનમાં લેતાં અમે હંમેશાં દરેક બાબતમાં રસોઈ નિપુણતાને કેન્દ્રમાં રાખી છે. લોકો તેમની શક્તિને ખોજ કરે, તેમના જીવનમાં પરિવર્તન લાવે અને તેઓ જ્યાંના છે તે સમાજમાં પરિવર્તન લાવે તે જોવાનું ખરેખર પ્રેરણાત્મક છે. મેગી કિચન જર્નીઝમાં અમે એવી સ્ત્રીઓની વારતાઓની ઉજવણી કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ, જેઓ રોજબરોજની રસોઈકળાનો ઉપયોગ પરિવર્તન લાવવા માટે કરીને નવી ઊંચાઈ સરકરી ચૂકી છે. દેખીતી રીતે જ આ સ્ત્રીઓએ અસાધારણ સિદ્ધિઓ કઈ રીતે હાંસલ કરી તે પ્રેરણાત્મક છે.

મેગી કિચન જર્નીઝમાં ખાદ્યને માધ્યમ તરીકે ઉપયોગ કરીને પોતાની આગવી ઓળખ સ્થાપિત કરીને સ્ત્રીઓની ૧૨ હ્રદયસ્પર્શી અને પ્રેરણાત્મક વારતાઓ પ્રદર્શિત કરે છે. આ સ્ત્રીઓએ વિવિધ રીતે પોતાની રસોઈકળાને ક્રિયાત્મ કરી તે ઉપયોગ કરીને પરિવર્તન લાવી દીધું છે. કિચન જર્નીઝમાં સ્ત્રીઓ તેમના આ પ્રવાસમાં પડકાર જનક સંજોગોનો સામનો કઈ રીતે કરે છે અને તેઓ જે વિશે લગની ધરાવે છે તે સ્થાપિત કરવા માટે મુશ્કેલ સ્થિતિઓમાંથી કઈ રીતે બહાર આવે છે તે રજૂ કરવામાં આવશે.

વર્ષોનાં વહાણાં વીતવા સાથે મેગી દેશભરમાં અત્યંત વહાલી બ્રાન્ડ બની છે. સમાજમાં પરિવર્તન સાથે સુમેળ સાધતાં મેગીએ સમાજ પર મોટો પ્રભાવ ધરાવતી સ્ત્રીઓને ઓળખીને સમકાલીન વિચારોને પ્રચાર કરવા માગે છે.

# ટ્રોક્ક્સ મોટર્સ, એક સ્માર્ટ્રોન કંપની, ભારતની પહેલી સ્માર્ટ ક્રોસઓવર ઈલેકટ્રીક બાઈક – ટ્રોક્ક્સ વનની રજૂઆત કરે છે



અમદાવાદ, ૧૩ જુલાઈ, ૨૦૧૮ – ટ્રોક્ક્સ મોટર્સ, એક સ્માર્ટ્રોન કંપની, દ્વારા આજે ભારતના પહેલા સ્માર્ટ ક્રોસઓવર ઈલેક્ટ્રીક બાઈક, ટ્રોક્સ વનની રજૂઆતની જાહેરાત કરી. ટ્રોક્ક્સ મોટર્સ, પહેલા વોલ્ટા મોટર્સ તરીકે જાણીતી, જેની શોધ ગ્રાહકોના પરિવહનના અનુભવની ભાષામાં ઓટોનોમસ, આર્ટીફીસીયલ ઈન્ટેલીજન્સ અને આઈઓટી ટેક્નોલોજીથી સજ્જ ઈલેક્ટ્રીક કાર ની રજૂઆત થી બદલાવ લાવવા કરવામાં આવી હતી. ટ્રોક્ક્સ વન એ સ્માર્ટ્રોનનું ટ્રોક્ક્સ મોટર્સને આકાર આપવા માટે અને કંપનીના પોતાના ટ્રોક્ક્સ ઈકોસીસ્ટમને તૈયાર કરવા તરફનું એક પગલું છે. ટ્રોક્ક્સના પોર્ટફોલીયોના ભાગરૂપે, સ્માર્ટોને મોબાઈલ, કોમ્પ્યુટ અને પહેરીશકાય તેવા ડિવાઈઝની રજૂઆત કરી દીધી છે, અને તે હવે નવા ઈવી ક્ષેત્રમાં પ્રવેશ કરી રહી છે. ભારતમાં ડિઝાઈન અને એન્જીન્યરીગં દ્વારા, ટ્રોક્ક્સ એ ભવિષ્ય માટે તૈયાર બાઈક છે જે શક્તિશાળી ચલાવવાની તાકાત પુરી પાડે છે અને તેની સાથે યુનીક ડિઝાઈન સેન્સેબીલીટી પુરી પાડે છે. ઈ-બાઈકની કિંમત રૂ ૪૯,૯૯૯ જે શરૂઆતી કિંમત રૂપે રાખેલ છે અને તે મર્યાદિત યુનીટ માટે રાખવામાં આવે છે અને તે પ્રિ-બુકીંગ કરાવનારા ને પણ લાગુ પડે છે અને તે બે કલર મેગ્મા અને પેસીફીક બ્લુ માં ઉપલબ્ધ રહેશે. તેની પહેલી બેચમાં ગ્રાહકો એ બુક કરાવ્યું છે તેનું વિતરણ ૧૬ જુલાઈથી શરૂ થશે.

ટ્રોનક્સ વનની રચના ૨૫ કિ.મી. / કલાકના તેના શક્તિશાળી સવારી અનુભવ સાથે મુસાફરીના ભાવિની ફરી કલ્પનાને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે.આ ક્રોસઓવર બાઈક બહુવિધ રાઈડ મોડ્સ અને વર્ચ્યુઅલ ગિયર્સ સાથે આવે છે જેમાં ૩ ઈલેક્ટ્રીક ગિઅર્સ અને ૬ સ્પીડ શિમાનો શિફ્ટર્સ છે, જે બાઈકની રેન્જ અને સ્પીડને વિસ્તારવા અને વ્યવસ્થિત કરવા સક્ષમ છે, તમને તમારી રાઈડ પર કોઈ જ નિયંત્રણ ગુમાવ્યા વગર કાબુમાં રાખવા માટે મદદ કરે છે. મીડ સ્ટેપ-થ્રુ ફ્રેમ એ મૂળભુત સગવડ અને વપરાશકર્તાઓની સરળતા માટે બનાવવામાં આવી છે. અને તે કોઈપણ વ્યક્તિ માટે સવારી કરે તે માટે અર્ગનોમિક્સ અને સ્વીકાર્ય છે. ઈંદ્ઘઠ઼દ્ઘઈ પ્રીમિયમ એરોગ્રાડ એલોય ફ્રેમ સામગ્રી પર બનેલો છે જે એરક્રાફ્ટ્સના બાંધકામ માટે વપરાય છે અને ધુળના લાગે તેવો છે.

# કલ હો ના હો અને યે દિલ હૈ મુશ્કીલ એવા ગીતો છે જે મારા હૈયાંની ખૂબ જ નિકટ છે – કરણ જૌહર કલર્સના ડાન્સ દીવાને પર કહે છે



ભારતની ૩ પેઢીઓના ડાન્સ માટેની પોતાની દીવાનગીને પ્રદર્શિત કરવા એક કોમન મંચ પુરુ પાડતા કલર્સના 'ડાન્સ દીવાને'ને દર્શકો દ્વારા પસંદ કરાઈ રહેલ છે. આ વીકએન્ડ પર, મનોરંજન વધુ ઉપર જશે કેમ કે 'ધડક' કાસ્ટ-ડાયરેક્ટર અને પ્રોડ્યુસર કરણ જૌહર સહિત ઈશાન ખટ્ટર, જહાન્વી કપૂર ખાસ મહેમાન હશે.

આવી રહેલ એપિસોડ શકીલ શેખ દ્વારા દર્શનીય પરફોર્મન્સનું સાક્ષી બનશે જેમણે 'યે દિલ હૈ મુશ્કીલ' પર ડાન્સ કર્યો જે તુષાર અને કરણ જૌહર બન્ને માટે ખૂબ જ ખાસ છે અને તેઓના માટે ટર્નિંગ પોઈન્ટ હતું. તુષાર કાલિયાએ વ્યક્ત કર્યું, "હું કરણ સરનો ખૂબ જ આભારી છું, મારામાં વિશ્વાસ દર્શાવવા બદલ અને યે દિલ હૈ મુશ્કીલ જેવી મૂવીમાં મને કોરિયોગ્રાફ કરવાની તક આપવા બદલ. એ મૂવી મારા માટે સૌથી ખાસ રહેશે અને એમના વિશ્વાસ અને મારામાંના કોન્ફીડન્સે મને મારું શ્રેષ્ઠ આપવામાં મદદ કરી."

કરણ જૌહરે ઉમેર્યું, "માત્ર બે જ ગીતો છે જે મારા ખૂબ ખાસ અને મહત્વપૂર્ણ છે – એક છે કલ હો ના હોનું ટાઈટલ ટ્રેક અને બીજું, યે દિલ હૈ મુશ્કીલ. તુષારની કોરિયોગ્રાફીએ મારા માટે ગીતને વધુ ખાસ બનાવી દીધું."

પછીથી તુષાર અને ઈશાને ભેગા થઈને ગીતો પર પરફોર્મ કર્યું જેણે દરેકજણને તેમની સાથે જોડી દીધાં.

વધુ મસ્તી અને ડાન્સ દીવાનેને જોવા જોડાયેલા રહો દર શનિવાર અને રવિવાર રાત્રે ૯.૦૦ કલાકે ફક્ત કલર્સ પર

# ઝી ક્લાસિક પ્રસારિત કરે છે, અમિતાભ બચ્ચનની સદાબહાર ક્લાસિક કૂલી, રવિવાર, ૧૫મી જુલાઈ, સાંજે ૭ વાગ્યે




એક માણસ જે તેની માતાથી બાળપણમાં જ અલગ થઈ ગયો છે, તે કુલી બની જાય છે અને તેના સહ-કાર્યકરોને સમાજમાં માન આપવાની ખાતરી કરવાની જવાબદારી લે છે. પણ આ યુવાન માટે આ મોટો ટાસ્ક થઈ જાય છે અને તેમાંથી એક થાય છે, એક હેરાન કરતા ગેંગસ્ટરની સાથે તેની લડાઈ, જેને તેના પરિવારને આટલા વર્ષો દૂર રાખ્યો હતો. પ્રોડ્યુસર કેતન દેસાઈ અને મનમોહન દેસાઈ અને પ્રયાગ રાજ દ્વારા ડિરેક્ટ, કૂલીએ અમિતાભની અસરકારક ડાયલોગ ડિલિવરી માટે યાદ રાખવામાં આવે છે. ૧૯૮૩માં રિલિઝ થયેલી આ મૂવીએ દરેક પ્રાંતમાં ૧૦ મિલિયનની કમાણી કરી હતી, જે ખૂબ જ મોટી પ્રાપ્તી હતી. આ સદાબહાર ક્લાસિકમાં બોલિવૂડના લિજેન્ડ- અમિતાભ બચ્ચન, કાદર ખાન, વહિદા રહેમાન, રિષી કપૂર, રતી અગ્નિહોત્રી, સુરેશ ઓબેરોય અને પુનિત ઈસ્સાર સામેલ છે. ઝી ક્લાસિકની પ્રસ્તાવના વો ઝમાના કરે દિવાના હેઠળ કૂલી રવિવાર ૧૫મી જુલાઈ, ૨૦૧૮ના રોજ સાંજે ૭ વાગ્યે પ્રસારિત થશે.

લગભગ ૧૦ વર્ષ જેલમાં વિતાવ્યા બાદ જ્યારે એક તોફાની ગુનેગાર ઝફર ખાન (કાદર ખાન) બહાર આવે છે, તે સીધો તેની પ્રેમિકાને મળવા જાય છે, એ દરમિયાન તેને ખબર પડે છે કે, તેની પ્રેમિકા સલમા (વહિદા રહેમાન)ના લગ્ન થઈ ગયા છે. ઝફર તેના પિતાની સામે જાય છે અને ગુસ્સાને લીધે તેને મારી નાખે છે. જ્યારે તે સલમાને પ્રસ્તાવ મૂકે છે અને તેણી તેની સાથે લગ્ન કરવાની ના કહે છે, ત્યારે ગુસ્સામાં ઝફર બદલો લેવાનું નક્કી કરે છે અને સમગ્ર ગામમાં પૂરની સ્થિતિને કારણે અફડાતફડી મચી જાય છે. આ અફડાતફરીમાં, સલમા તેના પતિ અને દિકરાથી અલગ થઈ જાય છે. મનોચિકિત્સકની સલાહથી તે એક બાળક (રિષી કપૂર)ને દત્તક લે છે અને સલમા તેને પોતાના દિકરાની જેમ ઉછેરે છે. આ દરમિયાન સલમાનો દિકરો ઈકબાલ ( અમિતાભ બચ્ચન) તેના એક કાકાને શોધી કાઢે છે, જેનો સમગ્ર પરિવાર પૂરમાં મરી ગયો છે. ઈકબાલનો ઉછેર તેના કાકા દ્વારા થાય છે, જે પોતે રેલવે સ્ટેશન પર કૂલી છે. જ્યારે એક ધનવાન વ્યક્તિ પ્લેટફોર્મ પર કૂલીને અત્યંત ખરાબ રીતે મારે છે, ત્યારે, તે તેના સહકર્મીઓના હક્ક માટે લડવાનું નક્કી કર્યું છે, ત્યારે તેનો સૌથી મોટો દુશ્મન ઝફર બની જાય છે.

શું ઈકબાલ તેની માતાને શોધી શકશે કે પછી ઝફર આ માતા અને દિકરાની જોડીને અલગ રાખવામાં સફળ થાય છે?

વધુ જાણવા માટે જૂઓ કુલી, રવિવાર ૧૫મી જુલાઈના રોજ સાંજે ૭ વાગ્યે ફક્ત ઝી ક્લાસિક પર

# જેનિફર લોપેજ તેની સેકેન્ડ એક્ટ ફિલ્મને લઈને ખુશ છે

એજન્સી દ્વારા
મુંબઇ,તા. ૧૩

શેડ્સ ઓફ બ્લુની લોકપ્રિય અભિનેત્રી જેનિફર લોપેજ હાલમાં તેની નવી ફિલ્મ સેકન્ડ એક્ટને લઇને ખુબ વ્યસ્ત બનેલી છે. આની તમામ તૈયારી કરી લેવામાં આવી છે. રોમેન્ટિક કોમેડી ફિલ્મ આ વર્ષે જ ૨૧મી નવેમ્બર ૨૦૧૮ના દિવસે રજૂ કરવામાં આવનાર છે. તે અન્ય કેટલાક પ્રોજેક્ટ પણ હાથમાં ધરાવે છે. હાલમાં બેઝબોલ ખેલાડી એલેક્સ રોડ્રીગ્જ સાથે રોમાન્સ કરી રહી છે. તે રિલેશનશીપની મજા માણી રહી છે પરંતુ જેનિફર લોપેજે કહ્યુ છે કે તે હાલમાં ફેમિલી પ્લાનિંગ કરી રહી નથી. તેનુ કહેવુ છે કે તે હજુ થોડાક સમય સુધી રિલેશનશીપની મજા માણવા માટે ઇચ્છુક છે.

Printed, Published and Owned by Shri Narendra G.Joshi and Printed at Bhoomi Offset Bhatiya vadi, Opp. Kalupur Rly. Station, Kalupur, Ahmedabad-380002 and published from H-115/991, Nirmal Appartments, Naranpura, AHMEDABAD-380063. Editor- Mr. NARENDRA G. JOSHI. PH :-079- 27451449, (M) 9825065387
RNI NO. GUJGUJ/2012/48123

# સાપ્તાહિક રાશિ ભવિષ્ય : તા.૧૪-૦૭-૧૮ થી૨૦-૦૭-૧૮

## મેષ (અ. લ. ઈ)

આ સપ્તાહ દરમિયાન પિત્ત અને માઈગ્રેનની તકલીફ વધુ થતી જોવા મળશે. આપની ભાષા થોડીક વધુ કડક બને. આપની ઈચ્છાપૂર્તિ માટે સમય આપની સાથે છે એવું લાગશે.આપ પરિવાર સાથે સમય વીતાવશો. પરિવાર સાથે મુસાફરી કરતાં હોવ તો જરુરી દવા ઓ સાથે લેવાનું ભુલતા નહીં પરંતુ શક્ય હોય ત્યાં સુધી તેમની સાથે કોઈપણ પ્રકારે વિવાદ ટાળવા. આપને આંખની પીડાથી સંભાળવાની ટકોર કરવામાં આવે છે. નાણાકીય તંગીનો સામનો કરવાનો રહેશે. ખર્ચા વિશેષ દેખાય છે. આપ ભેટસોગાદો મેળવશો. સંતાનની ચિંતા દૂર થશે. આપ સોનાના આભુષણ કે પછી નવા વસ્ત્રોની ખરીદી કરો તેવી સંભાવના છે. આપની તંદુરસ્તી સારી રહેશે.સપ્તાહનાં મધ્યમાં આપનો સમય અનુકૂળ નથી જેના કારણે દાંપત્યજીવનમાં વિખવાદ થઇ શકે છે. હૃદયની બીમારીથી સંભાળવું. મનમાં અજંપો અને અશાંતિ અનુભવશે. માતા સાથે મતભેદો ઉભા થાય. શરદી-કફ-વાયરલ ઈન્ફેક્શન, ફેફસામાં તકલીફ વગૈરે શક્યતા રહે. પેટમાં ગરબડ ઉભી થઇ શકે છે.

## વૃષભ (બ. વ. ઉ)

આ સપ્તાહ દરમિયાન કોઈ અશુભ સમાચાર મળી શકે. ઉપરી અધિકારી સાથે વૈચારિક મતભેદ થઈ શકે છે. કોઈ અઘટિત દુર્ઘટનાથી સાવધ રહેવું. પરેશાનીનો યોગ છે. ચંદ્ર આપની રાશિમાં પ્રથમ સ્થાનમાં હોવાથી સમય સારો છે. આપ તણાવમુક્ત થશો. આપ પરિસ્થિતિઓમાં આંતરિક રીતે મજબૂત રહેશો. આપ નોકરીમાં સારી કાર્યક્ષમતા પુરવાર કરશો. જેના ફળસ્વરૂપમાં વ્યપાર-નોકરીમાં સારું ફળ મળશે.ઘરેલું વિવાદને લઈને જુસ્સાપૂર્વક આપના મનની સ્થિતિથી અંદરથી સાવધ થશો. આપનું ઘરની વ્યક્તિઓ તરફનું વલણ બદલાશે. સમય શાંતિપૂર્વક પસાર કરવો. આપની કોઈ જૂની પરિચિત વ્યક્તિઓ સાથે મુલાકાત થશે. આપનો બહાર જવાનો કોઈ કાર્યક્રમ થશે.આપ પુરા જોશ અને ઉત્સાહપૂર્વક કામ કરશો. આપના મનમાં આર્થિક સદ્ધરતા માટેનું આયોજન કરશો. આપ કોઈ વિશેષ નવા કાર્યનું આયોજન કરી શકશો અને સફળતા પણ પ્રાપ્ત થશે. આપને કોઈ જૂની સમસ્યાનું સમાધાન પણ મળશે.

## મિથુન (ક. છ. ઘ)

આ સપ્તાહ દરમિયાન આપ પરિવાર અને પ્રોફેશલ બંને મોરચે સારી રીતે સમય પસાર કરી શકશો. આપ જે કાર્ય કરશો તેમાં સફળતા મળશે. આપના કાર્યોમાં ભાગ્યનો સાથ પણ મળી રહેશે. આવકના નવા સ્ત્રોત વધશે. ઉધારી ઉકેલાવાથી હાથમાં રોકડ વધવાની શક્યતા પણ છે. વ્યાપાર વ્યવસાયમાં સ્થિતિ સંતોષજનક રહેશે. સપ્તાહનાંના પ્રારંભે આપ બહાર હરવા ફરવા જવાનો કાર્યક્રમ બનાવશો પરંતુ આપની વ્યસ્તતાના કારણે કદાચ તેનો પુરતો આનંદ ન માણી શકો જેથી માનસિક અસંતોષ રહેશે. આપની તંદુરસ્તીનું ધ્યાન રાખવું. આપનામાં થોડી આળસ અને ઢીલાશ પણ આવશે. આપના ગ્રહોની સ્થિતિ જોતા આપ પ્રોફેશનલ મોરચે શત્રુઓ અને પ્રતિસ્પર્ધી પર વિજય મેળવશો. આર્થિક રીતે સારો સમય રહેશે જેથી આપ્તજનોની જરૂરિયતાો સંતોષવા માટે પણ તમે સક્રીય રહેશો. સમાજકલ્યાણના કાર્યોમાં આપ આગળ વધીને ભાગ લેશો.

## કર્ક (ડ. હ)

આ સપ્તાહ દરમિયાન ગુરૂથી રાહુ અંશાત્મક રૂપથી દૂર જવાના કારણે લાંબા સમયથી તમે ભાગ્યમાં કે પિતાના સ્વસ્થ્ય સંબંધી જે હાનિ અને અવરોધ જોવાઈ રહ્યા હતા , હવે એ ધીમે-ધીમે દ ઊર થશે અને તમે રાહતની શ્વાસ લેશો. આ અઠવાડિયા મધ્ય અને ઉતરાર્ધના સમય માટે વધારે શુભ અને કાર્યમાં સફળતા આપતું બન્યું રહેશે. અઠવાડિયાના પૂર્વાર્ધમાં થોડી ચિંતા રહેશે. પ્રગતિમાં અવરોધ અને વિલંબ થઈ શકે છે. કોઈ કામમાં દિશાહીન થઈ ગયા છો એવું અનુભવ થશે. પ્રિય માણસ સાથે પણ નજીકી સંબંધી ગેરસમજ થવાની શકયતા રહેશે. હાથમાં આવેલ કામમાં મોડું થવાથી માનસિક વ્યાકુકતા વધશે. અઠવાડિયાઅના મધ્ય અને ઉતરાર્ધના સમય બધા પ્રકારથી ઉત્તમ રહેશે. અનિચ્છિત કે અપ્રત્યાશિત લાભ મળશે. અચાનક કોઈ જૂના મિત્ર સાથે ભેંટ થશે. આનંસ ઉત્સાહમાં તમે રહેશો અને ધંધા અને ઉધાર વસૂલી , વધારે આવક માટે શુભ સમય રહેશે. ભૂમિ-ઘર અને વાહનના રોકાયેલા કામ પણ આ સમય પૂરા થશે.

## સિંહ (મ.ટ)

આ સપ્તાહ દરમિયાન આ અઠવાડિયા તમારી રાશિ માટે સામાન્ય રહેશે . અઠવાડિયાની શરૂઆતમાં તને બાધા અને મુશ્કેલીઓ અનુભવ કરશો. પણ તમે પ્રબળ ઈચ્છાશક્તિના કારણે સખ્ત મેહનત પછી ફળ તો જરૂર મળશે. મકાન અને વાહનની ચિટા થઈ શકે છે. અચાનક કોઈ લાભ થશે કે શેયર સટ્ટેબાજીમાં સોચી-વિચારીને કર્યા સાહસ અને ફાયદા કરાવી શકે છે. વારસાથી સંકળાયેલા કામનું સમાધાન થઈ શકે ચે અને જો આ સંબંધે કોર્ટ કેસ ચાલી રહ્યા હોય તો તમારા પક્ષમાં નિર્ણય આવી શકે છે. સાસરે પક્ષ કે પત્નીની ચિંતા રહેશે. અઠવાડિયાના મધ્યભાગમાં આનંદ ઉત્સાહથી કોઈ કામ થઈ શકે છે. દાંપત્યજીવનમાં તાલમેલ સારું રહેશે અને તમે એક બીજીની દાયિત્વ નિભાવવામાં સફળ થશો. અઠવાડિયાના અંતિમ ભાગ શુભ રહેશે પરંતુ થોડી અસ્થિરતા કે અવરોધ સાથે માનસિક દુવિધાના પણ અનુભવ કરશો. આ અઠવાડિયામાં ગણપતિની ઉપાસના કરવાથી લાભ થશે. વિદ્યાર્થી વર્ગ માટે શુભ સમય કહી શકો છો.

## કન્યા (પ. ઠ. ણ)

આ સપ્તાહ દરમિયાન અઠવાડિયાનું પૂર્વાર્ધ તમારા માટે શુભ ફળદાયી રહેશે. તમે નિયમિતથી વધારે આવક પ્રાપ્ત કરવા માટે નવી યોજના બનાવશો અને તમારા નેટવર્કમાં વિસ્તારના પ્રયાસ કરશો. એવી શકયતા છે . લગના ઈચ્છુક જાતકો માટે નવા સંબંધો કે કોઈ વાત ચાલી રહી હોય તો એમાં પ્રગતિ થઈ શકે છે. પ્રેમિઓ માટે પરિજનોથી સ્વીકૃતિ મળવાથી લગન માર્ગ પ્રશસ્ત થશે. સાર્વજનિક જીવનમાં તમે સક્રિય રહેશો. અને તમારી પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. અચાનક આર્થિક લાભની આશા રાખી શકે છે. કોઈ નવી વસ્તુ અને સોના ચાંદી કે ઘરેણાને ખરીદી થશે. તમારી વાતોના જાદૂ ચાલશે. જે માર્કેટિંગથી સંકળાયેલા એ એમની વાત થી બીજાને પ્રભવિત કરી તમારા કામ સારી રીતે કરશે. પરિવારમાં કેટલાક શુભ થવાની શકયતા છે. શેયર માર્કેટમાં પણ લાભ થઈ શકે છે. સ્વાસ્થયની વાત કરાયતો આંખોમાં પીડા થઈ શકે છે. વારસા સંબંધી કોઈ પણ કામ અત્યારે શક્ય છે.

## તુલા (ર. ત)

આ સપ્તાહ તમારા માટે શુભ રહેશે. ખાસ શરૂઆતી અને મધ્યભાગ તમારા માટે બધ પ્રકારથી ઉત્તમ રહેશે.ખાસ કરીને શરૂઆતી અને મધ્યભાગ તમારા માટે બધા પ્રકારથી ઉત્તમ રહેશે. અત્યારે ગુરૂ અને રાહુ આંશિક માં છે પરંતુ એક બીજાથી દૂર હોવાથી અત્યારે બધા કામમાં મુશ્કેલી ઓછી થશે. પરિવાર અને જીવનસાથીના સાથ પણ સુખમય જુજરશે. તમારા આર્થિક અને ઉધાર વસૂલીના બધા કામ સારી રીતે પૂરા થશે. એક વાત યાદ રાખો લે આ આખા વર્ષ તમે શેયત બજારમાં જોખમ ના ઉઠાવો નહી તો લાખો ના હજાર થતા સમય નહી લાગશે. વરિષ્ટ અધિકારી તમારા કામથી પ્રભાવિત થશે જેનું લાભ તમારા વેતનમાં વધારો કે ઈંસેટિવ ના રૂપમાં મળશે. પાછલા થોડા સમયથી નોકરીમાં સહકર્મિઓના કારણે જે તકલીફ થઈ રહી હતી એ પણ દૂર થશે. જીવનસાથી સાથે મધુર પળના આનંદ લેવાના અવસર મળશે. પ્રિય માણસ સામે પ્રેમ પ્રસ્તાવ રાખાવાને ડેટિંગ પર જવાના અનૂકૂળ સમય છે .

## વૃશ્ચિક (ન.ય.)

આ સપ્તાહ દરમિયાન કોઈ પણ રાશિ ગ્રહ પરિવર્તન નથી કરી રહ્યા. અઠવાડિયાની શરૂઆતમાં અભ્યાસ અને સંતાનના વિષયમાં તકલીફ રહેશે. તમારી આવકની માત્રા સારી રહેશે. પરંતુ ખર્ચ વધારે હોવાથી તમારા હાથમાં રોકડ રહેશે નહી . વર્તમાન સમયમાં ખાસ કરીને કોર્ટ સંબંધી વિષયો પર વધારે ખર્ચ અપ્રત્યાશિત રૂપથી વધવાથી પણ પરિણામ અપેક્ષા મુજબ ન મળતા તમે નિરાશ થઈ શકે છે. સરકારી કામ અને સેલ્સ ટેક્સ અને ઈનકમ ટેક્સના વિષયમાં તપાસ થશે અને તમે કાનૂનના જાળમાં આવી જવાની શકયતા છે. આ અઠવાડિયાનો મધ્ય ભાગ તમારા માટે વધારે શુભ રહેશે. આવક વૃદ્ધિની યોજના , ઉધારી , લોન વગેરે કાર્ય શક્ય હોય તો આ સમયમાં પૂરા કરી લો. અઠવાડિયાના અંતિમ ભાગમાં તમારા કામમાં અચાનક કોઈ અવરોધ આવશે. જીવનસાથીથી સંબંધોમાં પણ અસંતોષ રહેશે. લગ્ન માટે વિચાર કરી રહ્યા અપરિણીત જાતકો ને પણ મોડું થઈ શકે છે. કયાં વાત ચાલી હોય તો નકારાત્મક જવાબ આવવાની શકયતા છે. ભાગીદારી માં પણ સંભળવું પડશે.

## ધન (ભ.ધ.ફ.ઢ)

આ સપ્તાહ દરમિયાન તમને હૃદયમાં થોડી શાંતિના અનુભવ થશે. તમારા જમીન -મકાન અને વાહન સંબંધી કામનું થોડું સમાધાન થઈ શકે. લાંબા સમયથી રોકાયેલા કાર્ય પૂરા થશે કે એ દિશામાં સકારાત્મક ગતિવિધિ થશે .અઠવાડિયાની શરૂઆત સમયમાં ધંધા કે નોકરીના પ્રયોજનથી યાત્રાના કાર્યક્રમ બનશે. વર્તમાન સમયમાં ગુરૂમાર્ગી હોવાથી રાહુથી આંશિક દૂર હોવાથી તમે કોઈ મહત્વપૂર્ણ નિર્ણય લેશો કે નવા કાર્ય કરી શકશો. નવા કાર્યથી તમને લાભ થશે. આ સમય ભાઈ બહેનની મદદ મળતી રહેશે. પણ અઠવાડિયાના અંતિમ ભાગમાં તમારી બેચેની થોડી વધશે અને કાર્યમાં અવરોધ ઉભો થશે. અચાનક કોઈ ફેરબદલ થશે. પણ અત્યારે પણ તમને શેયર માર્કેટ કે લૉટરી વગેરેથી દૂર રહેવાની સલાહ ગણેશજી આપી રહ્યા છે. પ્રેમ સંબંધના પણ અચાનક તૂટવાથી નવા સંબંધ બનવાની સ્થિતિ બની રહેશે. વિદ્યાર્થીઓ માટે પણ અવરોધ જનક સ્થિતિ રહેશે.

## મકર (ખ.જ.)

આ સપ્તાહ દરમિયાન ચંદ્રમા તમારા જન્મના ચંદ્ર સ્થિતિથી ગુજરી રહ્યા છે . ચંદ્ર અને ગુરૂના યોગ તમારા માટે બધા પ્રકારથી શુભ રહેશે. શરૂઆતના બે દિવસ શુભ અને આધ્યાતમિક વિચાર સાથે માનસિક શાંતિ અને આનંદ સાથે જશે. નોકરી કે ધંધાથી સંબંધિત કાર્ય કરી શકશો. અઠવાડિયાના મધ્ય ભાગ પણ તમે પ્રસન્નતાના અનુભવ કરાવશે. પરિવારમાં આવકની માત્રા વધશે . કોઈ નવી વસ્તુની ખરીદ થવા શકયતા પણ છે. કોઈ શુભ આયોજનમાં ઉપસ્થિત રહેશો કે પરિવારમાં ધાર્મિક કાર્યક્રમના આયોજન થઈ શકે. સાસરા પક્ષમાં તમારું સમ્માન વધશે એવું કાર્ય સંપન્ન થશે. આખરે બે દિવસોમાં તમારા કોઈ મહ્ત્વપૂર્ણ કાર્યમાં અચાનક ફેરબદલ થશે કે અવરોધ ના કારણે અઠકાઈ જવાની શક્યતા રહેશે. નોકરી કે ધંધાના કામ માટે કયાં બહાર જશો ભાઈ -બહેનથી મતભેદ વધશે અને અત્યારે કોઈ મોટા લાભની આશા ન રાખો. નોકરીયાત લોકોના વેતનમાં વૃદ્ધિ પુરસ્કાર અને પ્રોત્સાહન ના રૂપમાં લાભ થશે.

## કુંભ (ગ.શ.સ.ષ.)

આ સપ્તાહ દરમિયાન તમારા જીવનસાથીના સ્વભાવમાં અહમ ઉભું થશે. જેના પ્રભાવ તમારા મિત્રો પરિવાર ભાગીદાર સાથે સાર્વજનિક જીવનથી સંકળાયેલા સંબંધ પર પડશે. જે જાતક ને પિત્તની સમસ્યા છે એને ખાવા-પીવામાં સાવધાની રાખવી પડશે. આ અઠવાડિયા દરમિયાન પરિવારવાળાએ ઘરવાળા સાથે જરૂરતથી વધારે વિવાદમાં ન પડવું. તમારા બાળકનાં ભણતરનું ખર્ચમાં વધશે. એના પ્રવેશથી સંબંધીત દોડ-ધામમાં વધારો થશે. નાના ભાઈ-બહેનની ભણતરનાં ખર્ચમાં વૃદ્ધિ થશે. શેયર બજારમાં કામ કરતા જાતકો સિવાય મકાન -વાહન નું ખરીદ-વેચ કરતા જાતકોને ચિંતા અને ખર્ચના અનુભવ થશે. કોઈ સથે ગેરસમજના કારણે મનમોટાવ ન હોય એનું ખાસ ધ્યાન રાખો. માતાની તબીયતનું ખાસ ધ્યાન રાખવું પડશે. ક્યાં ધાર્મિક યાત્રા પર જવાની ઈચ્છા થશે અને પરિસ્થિતિ તમારા પક્ષમાં રહેવાથી ઈચ્છા પૂરી કરી શકશો. સંતાનની માંગ પૂરી કરવા માટે તમને વધારે મેહનત કરશો.

## મીન (દ.ચ.ઝ.થ)

આ સપ્તાહ દરમિયાન ચંદ્રને છોડીને કોઈ ગ્રહ રાશિ પરિવર્તન કરી રહ્યા નથી વિદ્યાર્થીઓ માટે વર્તમાન સમય બધા પ્રકારથી ઉત્તમ જણાઇ રહ્યો છે. તમારી બુદ્ધિના ઉપયોગથી તમે ખરા અર્થમાં ઉલ્લેખનીય પ્રગતિ કરી શકશો. પ્રતિયોગી પરીક્ષામાં તમે ઉત્તમથી ઉત્તમ પ્રદર્શન કરી શકશો. જે વિદ્યાર્થીઓને માસ્ટર ડિગ્રી પ્રાપ્ત કરવામાં પરેશાની આવી રહી છે કે ઉચ્ચ અધ્યયન માટે પ્રયાસ કરી રહ્યા છે તે જાતકો ને વીજા કે પ્રવેશ સંબંધી પરેશાની હોય તો એમનું નિરાકરણ થશે . અઠવાડિયાનો પૂર્વાર્ધ અને મધ્યભાગ તમારા માટે વધારે શુભ રહેશે. આ અઠવાડિયા દરમિયાન તમારી આર્થિક પરેશાની ઓછી થશે. નોકરીમાં પ્રતિસ્પર્ધાના કારણે થોડી મુશ્કેલી સહેવી પડશે. સહકર્મીઓનો સહયોગ મળતો નથી એવું લાગ્યા કરે. આમ તો તમામ વિપરીત વાતાવરણમાં તમને બૉસનો સહયોગ મળતો રહેવાથી તમે આત્મવિશ્વાસ સાથે કામ કરી શકો.

# સોશિયલ મીડિયા: બુદ્ધિનો વિકાસ કે સમયનો દુરુપયોગ

૨૧મી સદીને જ્ઞાન અને માહિતીની સદી કહેવામાં આવે છે. વર્તમાન સમયમાં આધુનિક ટકનોલોજી અને સોશિયલ મીડિયાનો વ્યાપ એટલો ઝડપથી વધ્યો છે કે, બહુ ઓછા સમયમાં અનેક લોકોના સંપર્કમાં પહોંચી શકાય છે. ફેસબુક, ટ્વીટર, વ્હોટ્સએપ અને બીજી ઘણીબધી સાઈટ્સના માધ્યમથી લોકો પોતાની અભિવ્યક્તિને અનેક લોકો સુધી સરળતાથી પહોંચાડી શકે છે. પરંતુ જેમ એક સિક્કાની બે બાજુ હોય છે તેમ સોશિયલ મીડિયાના પણ સારા-ખરાબ પરિબળો છે.આપણે જાણીએ છીએ કે, વર્તમાનમાં જેટલો સમય વયસ્ક લોકો વાતચીતમાં પસાર કરે છે, એટલો સમય યુવાનો સોશિયલ મીડિયા પર એક્ટીવ રહેવાનું પસંદ કરે છે. સોશિયલ મીડિયાનો સકારાત્મક ઉપયોગ સારી વસ્તુઓ શીખવાડે છે. ઉપરાંત વિદ્યાર્થીઓ સોશિયલ મીડિયાના માધ્યમથી ઘણું નવું નવું જાણી શકે છે. સોશિયલ મિડિયાના માધ્યમથી ન્યૂઝ, દુનિયામાં બનતા બનાવો, રાજકીય માહિતીની આપ-લે, સંદેશાની આપ-લે વિગેરે સરળતાથી કરીને તમે તમારી જાતને અપડેટ રાખી શકો છો, અને બીજાને પણ. સોશિયલ મીડિયાથી દુનિયા ખુબ નજીક આવી ગઈ છે.યુનિવર્સિટી ઓફ કેન્સાસે એક રિસર્ચમાં જણાવ્યું છે કે, સોશિયલ મીડિયા વિદ્યાર્થીઓ માટે લાભદાયક છે. રિસર્ચમાં જણાવ્યા મુજબ વિદ્યાર્થીઓ સોશિયલ મીડિયામાં જોડાઈ રહેવાને કારણે અને એકબીજા સાથે વિચારોની આપ-લે કરવાને કારણે ઘણી સારી વાતો જાણી અને શીખી શકે છે. એટલું જ નહીં તેઓ ચર્ચા માટે પોતાની તર્કશક્તિનો વિકાસ કરી શકે છે.જે વિદ્યાર્થીઓ સોશિયલ મીડિયા પર તર્ક-વિતર્ક કરે છે તેની તાર્કિક ક્ષમતા તેમના સહપાઠી વિદ્યાર્થીઓ કરતાં ઘણી વધારે હોવાનું પુરવાર થયું છે. રિસર્ચમાં પુરવાર થયું છે કે, વર્તમાન સમયમાં શિક્ષકો પણ વિદ્યાર્થીઓને ભણાવવા માટે સોશિયલ મીડિયાનો સહારો લે છે અને પોતાની જાતને અપડેટ રાખે છે.ટેકનોલોજીના અતિરેકથી માનસિક અને શારીરિક નુકસાન થઈ શકે છે. જો મોબાઈલ અથવા સોશિયલ મીડિયાના અન્ય માધ્યમો તમારા મોટા ભાગના સમયનો વ્યય કરતા હોય અને જીવનમાં એ વસ્તુઓ જ તમારા માટે મહત્વની બની ગઈ હોય તો એ ચેતવણી છે કે, જીવનમાં કંઈક સારું નથી થઈ રહ્યું નથી.ઘણા લોકો પોતાના રુમમાં પુરાઈને કલાકો સુધી એકલા કોમ્પ્યુટર, મોબાઈલ અથવા ટીવી સામે બેસી રહે છે. એનાથી તેઓને જરુરી શારીરિક કસરત મળતી નથી. જેથી બેઠાડુ જીવન તેમના માટે હૃદયની તકલીફો, ડાયાબિટીસ અને બીજી કોઈ મોટી બીમારી પણ નોતરી શકે છે.સોશિયલ મીડિયાના કોઈપણ પ્લેટફોર્મનો વધુ પડતો ઉપયોગ બીજાં ઘણાં નકારાત્મક પરિણામ નોતરી શકે છે. જેમ કે તાજેતરનો એક અભ્યાસ જણાવે છે કે વાહન ચલાવતી વખતે મોબાઈલનો ઉપયોગ કરવો એ દારુ પીને ડ્રાઈવિંગ કરવા જેટલું જોખમી પુરવાર થાય છે. વાહન ચલાવતી વખતે ટેક્સ્ટ મેસેજ ટાઈપ કરવો જીવલેણ સાબિત થઈ શકે. એક સર્વેમાં જાણવા મળ્યું છે કે, ૧૬થી ૨૭ વર્ષના વય જૂથના વાહનચાલકોમાંથી આશરે ૪૦ ટકા લોકો ડ્રાઈવિંગ કરતી વખતે મોબાઈલનો ઉપયોગ કરતા હોય છે.વર્તમાન સમયમાં મોટાભાગના બાળકો ટાઈમપાસ કરવા માટે ટીવી જોયા કરે છે અથવા કોમ્પ્યુટર અને ઈન્ટરનેટનો વપરાશ કરે છે. બાળકોએ વિવેકબુદ્ધિનો ઉપયોગ કરી આવી વસ્તુઓ સમજી વિચારીને વાપરતાં શીખવું જોઈએ, જેથી તેના ગેરફાયદાથી બચી શકાય. બાળકોના વાલીઓએ પણ તેને આમ કરવા માટે પ્રેરણા આપવી જોઈએ.

જોકે "અતિ સર્વત્ર વર્જ્યતે" એ સંસ્કૃત ઉક્તિ પ્રમાણે કોઈપણ વસ્તુનો તેની મર્યાદામાં રહીને ઉપયોગ થાય તો લાભ છે અને જો વધુ ઉપયોગ કરવામાં આવે તો નુકસાન નોતરે છે. જેથી કહી શકાય કે, વર્તમાન સમયમાં સોશિયલ મીડિયાને અવગણી પણ શકાય નહીં અને અતિરેક પણ યોગ્ય નથી. સોશિયલ મિડિયાના વધુ પડતાં ઉપયોગ પછી તેની લત છોડાવવા માટે ક્યારેક મનોચિકિત્સકની પણ સલાહ લેવી પડે તેવી સ્થિત સર્જાય છે.હવે તો તહેવાર અને વ્યવહાર પણ સોશિયલ મીડિયાના માધ્યમથી જ ઉજવાઈ રહ્યા છે. હમણા જ દિવાળી ગઈ, દિવાળીની શુભેચ્છાના મોટાભાગના મેસેજ




વ્હોટસઅપ પર જ આવ્યા. આપણને જાણે એમ લાગે કે, દિવાળીની ઉજવણી માત્ર સોશિયલ મીડિયા પુરતી મર્યાદિત રહી ગઈ છે. સોશિયલ મીડિયાને કારણે લાગણીના સંબધોને સ્થાન રહ્યું નથી. ખેરપ સમય ખુબ આગળ નીકળી ગયો છે.ટેકનોલોજીના સહારે એક સામાન્ય માણસ પણ રાજા મહારાજાઓ એમના સમયમાં કલ્પના પણ નહોતા કરી શકતા તેની સુવિધાઓ અને સવલતો ભોગવે છે, દા.ત. જો એ સમયમાં ટેલિકોમ્યુનિકેશન ક્ષેત્રે ક્રાંતિ આવી ગઈ હોત તો ઈ.સ. ૧૮૫૭ નો વિપ્લવ એટલે કે અંગ્રેજો સામેની ગુલામીમાંથી મુક્તિની પ્રથમ ચળવળ જ ભારતમાં સફળ બની ગઈ હોત.. સમયસર સાચા હાથોમાં સંદેશા પહોંચ્યા હોત અને આપણને ૧૮૫૭માં જ આઝાદી મળી ગઈ હોત..પરંતુ વાત હવે બીજા પ્રકારની આઝાદીની છેપ હાલમાં જ એક સુપ્રસિદ્ધ યુનિવર્સિટીએ હાથ ધરેલા સર્વેમાં એવું તારણ બહાર આવ્યું કે ફેસબુક અને વોટ્સ એપ પર વધારે સમય વીતાવવા વાળા લોકોમાં ઈર્ષા, નિરાશા અને તણાવનું પ્રમાણ તેનાથી અળગા રહેતા લોકો કરતા ૪૦ ટકા વધારે હોય છે.. સોશિયલ મીડિયા ઉપર મોટાભાગે લોકો પોતાના જીવનની આનંદિત પળો જ શેર કરતા હોય છેપ જેની સામે જોનાર વ્યક્તિ પોતાના જીવનની નકરાત્મક પળોને સરખાવે છે અને ઈર્ષા અને તણાવમાં ગરકાવ થઈ જતાં હોય છે.. દા.ત. જે મૂરતિયાના હજારો પ્રયત્ન પછી પણ લગ્ન ન થઈ રહ્યા હોય તે તેના ફેસબુક મિત્રોની સગાઈ, સગપણ અને હનીમૂનનાં ફોટા જોઈને માનસિક ત્રાસમાંથી પસાર થાય છે.તો બીજા એક સર્વે પમાણે ભારતમાં ઈ.સ. ૧૯૨૦-૩૦ ના દાયકામાં જે સ્તરના તણાવ માટે લોકો મનોરોગના ચિકિત્સક પાસે જતા હતા.. હાલમાં તે સ્તરનું તણાવ ૮-૧૦ ધોરણમાં અભ્યાસ કરતાં બાળકોમાં જોવા મળે છે.. અને કૉલેજીયનોની તો વાત જ ન કરો અને આ તણાવનું એક મસમોટું કારણ સોશિયલ મીડિયા છે.ઘણીવાર વાયુવેગે અફવાઓ અને દંગાઓ ફેલાવવામાં પણ સોશિયલ મીડિયાએ મોટો ભાગ ભજવ્યો છે.. તાજેતરમાં દિલ્હીની એક વેરભાવથી એક છોકરાનો ફોટો પાડી સોશિયલ મીડિયામાં વહેતો મૂક્યો અને આરોપ લગાવ્યો કે આ છોકરાએ તેની છેડતી કરી છે.. દેશ વિદેશના લોકોએ ટપોટપ શેર કરવા મંડ્યું.. પોલીસે કિસ્સો હાથમાં લઈ સમગ્ર ઘટનાની તપાસ કરતાં જાણવા મળ્યું કે તે છોકરો નિર્દોષ હતો.. એક ન્યુઝ ચેનલે માફી પણ માંગી.. પણ તે છોકરાના ચરિત્રનું કારણ વિના પતન કરવામાં આવ્યું તેની ભરપાઈ કોણ કરશે.તો બીજી આવી ઘટનામાં તમિલનાડુની એક કૉલેજની યુવતીની કોઈક અજાણ્યા ઈસમે તેના ફોટા સાથે ચેડાં કરી અર્ધનગ્ન સ્થિતિમાં ફેસબુક પર પોસ્ટ કરી.. યુવતીના પિતાએ પોલીસ ફરિયાદ કરી.. પરંતુ પોલીસે સમગ્ર મામલામાં રસ ન ધરાવ્યો.. અને તે યુવતીએ બદનામીના ડરે આત્મહત્યા કરી જીવન ટૂંકાવ્યું.. શું સોશિયલ મીડિયા એક પિતાને તેની લાડકવાયી પુત્રી પાછી લાવી આપશે.પાટીદાર અનામત આંદોલન વખતે આવી જ ઘટનાઓની ભીતિથી ગુજરાત સરકાર નેટ બંધ કરી સોશિયલ મીડિયા પર સંકજો કસ્યો હતો.. નેટ બંધ થયું તો ગુજરાત ભરનાં યુવાનીયાઓને લાગવા લાગ્યું કે જાણે ઑક્સીજનની કમી થઈ ગઈ.અને એ તો હકીકત છે કે સુવાના સ્થાનની પાસે મોબાઈલ ચાર્જીંગ પોઈંટ મળી જાય તો સ્વર્ગ સુખ મળ્યાની અનુભૂતિ થાય અને જ્યારે પણ આપણા મોબાઈલની બેટરી ખતમ થાવાની ત્યારે ગમે તેટલો શાંત મગજ વાળો માણસ પણ થોડી ક્ષણો માટે તો તણાવમાં આવી જ જાય છે.આજની પેઢીને જો એવું કહેવામાં આવે કે વૃક્ષો વાવવાથી મફત વાય ફાય મળે તો ૧૦૦ ટકા વૃક્ષો વાવશે.. પણ કમનસીબે હાલમાં તો વૃક્ષો માત્ર છાંયો અને ઓક્સીજન જ આપે છે જે કદાચ વાય ફાય કરતાં વધારે મહત્વનું નહીં હોય, નહીં?

# અમેરિકાના એમ્બેસેડર અને સાઉથ કેરોલિનાના ભૂતપૂર્વ ગર્વનર નિક્કી હેલીના પતિ માઈકલ હેલી ગુજરાતની મુલાકાતે



*શ્રી કે.કે.શાહ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ગુજરાતના અરવલ્લી જિલ્લાના મેઘરજ ખાતે સ્વ-સહાય જૂથની બહેનોનું ૧૫ જૂલાઈ ૨૦૧૮ના રોજ વિશાલ સંમેલન યોજવામાં આવેલું છે. જેમાં અમેરિકાના એમ્બેસેડર અને સાઉથ કેરોલિનાના ભૂતપૂર્વ ગર્વનર નિક્કી હેલીના પતિ શ્રી માઈકલ હેલી ખાસ મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે માઈકલ હેલી ઉપસ્થિત મહિલાઓને માર્ગદર્શન અને પ્રેરણા આપશે .*

*શ્રી હેલીએ જણાવ્યું કે ભારતની સ્વતંત્રતા માટે અહિંસક લડત લડનારા મહાત્મા ગાંધીની પવિત્ર ભૂમિ પર આવીને ખુબ જ હર્ષ અનુભવું છું હું ટ્રસ્ટ ના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી પ્રકાશ કે શાહ ના આમંત્રણથી ભારત આવ્યો છું અને ટ્રસ્ટ મહિલાઓના વિકાસ માટે જે કાર્ય કરે છે તેનાથી હું પ્રભાવિત થયો છું.*

### લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ભગવાનના દર્શન કરવા ઉત્સુક

# શ્રદ્ધાળુના ઉત્સાહની વચ્ચે આજે અમદાવાદમાં રથયાત્રા નિકળશે

## અમદાવાદમાં જુદા જુદા રૂટ પર ભગવાના સ્વાગત માટે શ્રદ્ધાળુઓ ઉત્સાહિત

## ૧૯ ગજરાજ, ૧૦૧ ટ્રક, ૩૦ અખાડા અને ૧૮ ભજનમંડળી મુખ્ય આકર્ષણ

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ, તા.૧૩

લાખો શ્રદ્ધાળુઓ જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોઇ રહ્યા હતા તે ભગવાન જગન્નાથજીની ૧૪૧મી રયયાત્રા આવતીકાલે શનિવારના દિવસે ભારે હર્ષોલ્લાસ અને ભકિતભાવ વચ્ચે નીકળશે. આ વખતે રથયાત્રામાં સૌપ્રથમવાર ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં ભારતીય અખાડા પરિષદના મોટા સંતો-મહંતો અને કુંભમેળાના સાધુ-સંતો હાજરી આપનાર છે. જે બહુ નોંધનીય વાત છે. આ વર્ષે ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઇ બલરામ માટે બનારસ, વૃંદાવન સહિતના પવિત્ર સ્થળોએથી સુંદર અંલકારિક વસ્ત્રો, પાઘડી અને તેને અનુરૂપ વાઘા-વસ્ત્રો અને સાજ શણગાર તૈયાર કરાયા છે. આવતીકાલે રથયાત્રાના દિવસે સવારે ચાર વાગ્યે મંગળાઆરતી યોજાનાર છે. જેમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ હાજર રહેશે, જયારે સાત વાગ્યે મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલના હસ્તે પહિંદવિધિ બાદ તેઓ રથ ખેંચી રથયાત્રાનું પ્રસ્થાન કરાવશે. રથયાત્રાનો આ એક જ દિવસ એવો હોય છે જેમાં ખુદ જગતનો નાથ નગરચર્યાએ નીકળી તેના ભકતોને ઘેરબેઠા દર્શન આપે છે. ભારતીય લોક સંસ્કૃતિનું રથયાત્રા સર્વોચ્ચ પ્રતીક છે. રથયાત્રાના અગ્રભાગમાં ૧૯ શણગારેલા ગજરાજો, ત્યારપછી ૧૦૧ ભારતીય સંસ્કૃતિની ઝાંખી કરાવતી ટ્રકો, અંગ કસરતના પ્રયોગો સાથે ૩૦ અખાડા, ૧૮ ભજનમંડળીઓ સાથે ત્રણ બેન્ડબાજાવાળા આકર્ષણનું કેન્દ્ર બનશે. સાધુ-સંતો, શ્રધ્ધાળુ ભકતો સાથે ૧૨૦૦થી ૧૫૦૦ જેટલા ખલાસી ભાઇઓ રથ ખેંચતા રહેશે. આ રથયાત્રામાં ભાગ લેવા દેશભરમાંથી ૨૦૦૦થી વધુ સાધુ-સંતો હરિદ્વાર, અયોધ્યા, નાસિક, ઉજ્જૈન, જગન્નાથપુરી અને સૌરાષ્ટ્ર સહિતના સ્થાનોએથી પધારશે. રથયાત્રાના દિવસે તા.૧૪મી જૂલાઇએ વહેલી સવારે ૪-૦૦ વાગ્યે ભગવાનની મંગળાઆરતી કરાશે, ત્યારબાદ આદિવાસી નૃત્ય અને રાસગરબાનો પરંપરાગત કાર્યક્રમ યોજાશે. એ પછી ભગવાનના આંખે બાંધેલા પાટા ખોલવાની શાસ્ત્રોક્ત વિધિ બાદ ૫-૪૫ કલાકે ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઇ બલરામને ત્રણેય રથોમાં સવાર કરાશે. સવારે ૭-૦૦ વાગ્યે પહિંદવિધિ બાદ રથયાત્રાનો શુભારંભ થશે. રથયાત્રાના દિવસે વહેલી સવારે ભગવાનને વિશિષ્ટ ભોગ ધરાવાય છે, જેમાં પરંપરા મુજબ, ખીચડી, કોળા-ગવારફળીનું શાક અને દહીં હોય છે. રથયાત્રા દરમ્યાન ૩૦ હજાર કિલોથી વધુ મગ, ૫૦૦ કિલો જાંબુ, ૩૦૦ કિલો કેરી, ૪૦૦ કિલો કાકડી અને દાડમ તથા બે લાખ ઉર્પણા પ્રસાદમાં વિતરણ કરાશે. આ વખતની રથયાત્રામાં સૌપ્રથમવાર ભારતીય અખાડા પરિષદના સાધુ સંતો અને મહંતો ખાસ હાજરી આપશે. જેમાં ભારતીય અખાડા પરિષદના પ્રમુખ નરેન્દ્રગીરીજી મહારાજ, જગદ્ગુરુ રામાનંદાચાર્ય એવા હંસદેવાચાર્યજી મહારાજ અને જૂનાગઢના હીરીગીરીજી મહારાજ સહિતના દિગ્ગજ સંતો પધારશે. તો, સાથે સાથે કુંભમેળાના દિવ્ય સાધુ-સંતો અને મહંતો પણ હાજરી આપશે. ભગવાન જગન્નાથના મંદિર જમાલપુર ખાતે છેલ્લા કેટલાક દિવસથી પ્રસાદ માટે મગ અને અન્ય ચીજવસ્તુઓને સાફ કરવાની પ્રક્રિયા ચાલી રહી હતી. હવે પ્રસાદ તૈયાર કરવાની પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાી આવી છે. પોલીસ તંત્ર દ્વારા વિશેષ તૈયારીઓ કરવામાં આવી છે. જગન્નાથની પ્રતિષ્ઠા સાંજે કરવામાં આવ્યા બાદ રથયાત્રાને લઇને ઉત્સાહ વધી ગયો હતો. આવતીકાલે શહેરના જુદા જુદા માર્ગો ઉપરથી રથયાત્રા પસાર થશે જેમાં સંવેદનશીલ વિસ્તારોનો સમાવેશ થાય છે. ઐતિહાસિક રથયાત્રાને લઇને તમામ તૈયારીઓ પહેલાથી જ પૂર્ણ કરી લેવામાં આવી છે. રથયાત્રા રૂટ ઉપર સુરક્ષા જવાનો પણ ગોઠવાઈ ગયા છે. કોઈપણ અનિચ્છનીય બનાવને ટાળવા તથા રથયાત્રાને શાંતિપૂર્ણ રીતે પસાર કરવા તંત્રએ કમરકસી લીધી છે. દર વર્ષની જેમ જ આ વર્ષે પણ હજારોની સંખ્યામાં પોલીસ જવાનો મોરચા સંભાળી ચુક્યા છે. સમગ્ર યાત્રા દરમિયાન સીસીટીવી, નેત્ર અને કન્ટ્રોલરૂમ મારફતે આખી રથયાત્રાનું મોનીટરીંગ કરવામાં આવશે. ભવ્ય રથયાત્રાને શાંતિપૂર્ણરીતે પાર પાડવા સાવચેતીના તમામ પગલા લેવાયા છે. આવતીકાલે રથયાત્રા જગન્નાથ મંદિરેથી નીકળીને જમાલપુર ચકલા, વૈશ્ય સભા, ગોળ લીમડા ,આસ્ટોડીયા ચકલા, મદન ગોપાલની હવેલીથી, રાયપુર ચકલા, ખાડિયા ગેટ, ખાડિયા ચાર રસ્તા, પાંચકૂવા, કાલુપુર સર્કલથી કાલુપુર બ્રીજ થઈને સરસપુર જશે. સરસપુરમાં વિરામ બાદ કાલુપુર બ્રીજ, કાલુપુર સર્કલ, પ્રેમ દરવાજા, જોર્ડન રોડ, દિલ્હી દરવાજા, હલીમની ખડકી, શાહપુર દરવાજા, શાહપુર ચકલા, ઘીકાંટા રોડ, પાનકોર નાકા, માણેકચોક થઈને ગોળ લીમડા, ખમાસા થઈને નીજ મંદિરે પાછી ફરશે. નિજમંદિર પરત ફર્યા બાદ જ તંત્રને રાહત થશે. રથયાત્રામાં હાથી, ટ્રકો, જુદા જુદા શણગારેલા રથ હશે જેના મારફતે લોકોને જુદા જુદા વિસ્તારોમાં પ્રસાદીનું વિતરણ કરવામાં આવશે. તમામ માર્ગો પર મોટી સંખ્યામાં લોકો ભગવાનના દર્શન કરવા માટે જમા થનાર છે.

### સવારે સાત વાગે પહિંદવિધી કરાશે

# મુખ્યપ્રધાન પહિંદવિધિ કરાવી પ્રસ્થાન કરાવશે

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ,તા. ૧૩

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યપ્રધાન નીતિન ભાઇ પટેલના હસ્તે પહિંદવિધી કરવામાં આવનાર છે. પહિંદવિધી બાદ તેઓ રથ ખેંચીને રથયાત્રાનુ પ્રસ્થાન કરાવશે. આવતીકાલે વહેલી પરોઢે મંગળા આરતીમાં ભાજપ પ્રમુખ અમિત શાહ ખાસ હાજરી આપનાર છે. અત્રે ઉલ્લેખનીય છે કે, તત્કાલિન ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ઘણા વર્ષ સુધી રથયાત્રાને પરંપરાગતરીતે શરૂ કરાવી હતી. મુખ્યપ્રધાન રૂપાણીની સાથે આવતીકાલે સવારે પહિંદવિધિ વેળા કાર્યક્રમમાં મોટી સંખ્યામાં કાર્યકરો રહે તેવી શક્યતા છે. જામાલપુર મંદિર ખાતે પણ અભૂતપૂર્વ ઉત્સાહ શ્રદ્ધાળુઓમાં જોવા મળી રહ્યો છે. ભગવાનના દર્શન કરવા માટે આવતીકાલે સવારથી જ લોકોમાં અનેરો ઉત્સાહ રહેશે.

### તમામ જગ્યાએ સુરક્ષા દળોએ મોરચા સંભાળ્યા

# અમદાવાદ શહેર રથયાત્રાને લઈને છાવણીમાં ફેરવાયુ છે

## સમગ્ર રથયાત્રા રૂટને સીસીટીવી હેઠળ આવરી લેવાશે

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ, તા.૧૩

ભગવાન જગન્નાથની યાત્રાને શાંતિપૂર્ણ રીતે પાર પાડવા માટે તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. અમદાવાદ શહેર છાવણીમાં ફેરવાઇ ગયુ છે. અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા વચ્ચે રથયાત્રા નિકળનાર છે. આવતીકાલે શનિવારે ભગવાન જગન્નાથની ૧૪૧મી રથયાત્રાને લઈને ૨૦ હજારથી વધુ પોલીસ કર્મીઓ તૈયાર થઈ ચુક્યા છે. આના માટે રિહર્સલ પણ થઈ ચુક્યું છે. મળેલી માહિતી મુજબ તમામ સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસ ટીમ અને અન્ય સુરક્ષા દળો તૈનાત કરી દેવામાં આવ્યા છે. જેના ભાગરુપે દરિયાપુર અને શાહપુર વિસ્તાર અતિસંવેદનશીલ માનવામાં આવે છે. કાલુપુર ચોખા બજારથી લઈને દરિયાપુર વિસ્તારના જોર્ડન રોડ થઈ અને દિલ્હી ચકલા સુધી સાત ડીએસપી કક્ષાના અધિકારીઓના માર્ગદર્શન હેઠળ એક આરએએફ, ચાર બીએસએફ, ચાર એસઆરપી, એક મહિલા બીએસએફની કંપની તૈનાત કરવામાં આવી ચુકી છે. આ ઉપરાંત દરિયાપુરમાં ૬૩ અને શાહપુર વિસ્તારમાં ૪૭ કેમેરા મળીને ૧૦૦ સીસીટીવી કેમેરા ગોઠવી દેવામાં આવ્યા છે. રથયાત્રાના રુટ ઉપર રિહર્સલ કરવામાં આવી ચુક્યુ છે. પોલીસ અધિકારીઓએ તમામ સુરક્ષા વ્યવસ્થાની ચકાસણી કરી હતી અને તેમાં રહેલી ખામીઓને દૂર કરવા જણાવ્યું હતું. ભગવાન જગન્નાથની યાત્રાને શાંતિપૂર્ણ રીતે પાર પાડવા માટે પહેલાથી જ સુરક્ષા જવાનો તમામ માર્ગો પર ગોઠવાઈ ગયા હતા. આને લઈને છેલ્લા કેટલાક દિવસથી તમામ તૈયારીઓ કરી લેવામાં આવી હતી. રથયાત્રામાં પોલીસ બંદોબસ્તની વાત કરવામાં આવે તો આ વખતે અર્ધલશ્કરી દળોની ઘણી કંપનીઓ તૈનાત કરવામાં આવી હતી. ચેતક કમાન્ડોની એક યુનિટ ગોઠવવામાં આવી હતી. જુદા જુદા રાજ્યોની કંપનીઓ પણ ગોઠવી દેવામાં આવી હતી. કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે કાળજી રાખવામાં આવી છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ રથયાત્રા પહેલા પેટ્રોલિંગ અને કોમ્બિંગની કાર્યવાહી તીવ્ર કરવામાં આવી હતી. જગન્નાથ મંદિરથી લઈને સરસપુર મોસાળ સુધી સઘન સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી.જગન્નાથની યાત્રાને શાંતિપૂર્ણ રીતે પાર પાડવા માટે તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. રથયાત્રામાં પોલીસ બંદોબસ્તની વાત કરવામાં આવે તો આ વખતે ૨૭ કંપનીઓ તૈનાત કરવામાં આવી છે. ચેતક કમાન્ડોની બે ટુકડીઓ રહેશે. આસામ અને નાગાલેન્ડની બે કંપનીઓ પણ ગોઠવી દેવામાં આવી છે. કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે કાળજી રાખવામાં આવી રહી છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ રથયાત્રા પહેલા પેટ્રોલિંગ અને કોમ્બિંગની કાર્યવાહી તીવ્ર કરવામાં આવી હતી. ક્વિક રિએક્શન ટીમ પણ સક્રિય કરી દેવામાં આવી છે.

### ૨૫ હજારથી વધુ જવાનો તૈનાત

# રથયાત્રામાં સલામતી

અમદાવાદ, તા.૧૩

**રથયાત્રા દરમિયાન શ્રદ્ધાળુઓ માટે મોટા પ્રમાણમાં પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી ચુકી છે. રથયાત્રાને ભવ્ય બનાવવા તમામ આયોજન કરાયું છે. રથયાત્રામાં સુરક્ષા વ્યવસ્થા નીચે મુજબ છે.**

| | |
|---|---|
| એસઆરપી ટીમ | ૨૨ |
| સેન્ટ્રલ પેરામિલિટ્રી કંપની | ૨૫ |
| ચેતક કમાન્ડો | ૦૧ |
| હોમગાર્ડ જવાન | ૫૪૦૦ |
| બોંબ સ્કવોડ ટુકડી | ૧૦ |
| ડોગ સ્કવોડ ટુકડી | ૧૦ |
| ક્યુઆરટી ટીમ | ૩૦ |
| કુલ સુરક્ષા જવાન | ૨૫૦૦૦ |
| પોલીસ કર્મી | ૨૦૨૨૫ |
| અર્ધલશ્કરી દળો | ૫૪૦૦ |
| સીસીટીવી કેમેરા | ૧૫૦ |
| સીપી | ૦૧ |
| એડિશનલ સીપી | ૦૩ |
| આઈજી | ૦૫ |
| એસપી | ૩૧ |
| એસીપી | ૮૮ |
| પીઆઈ | ૨૫૩ |
| પીએસઆઈ | ૮૧૯ |
| કોન્સ્ટેબલ | ૧૪૨૭૦ |

### સોનાવેશના અલૌકિક દર્શન કરવા ભકતોની પડાપડી

# જગન્નાથજી, સુભદ્રાજી અને બલરામજીને સોનાના મુગટ

## ઈતિહાસમાં સૌપ્રથમવાર સોનાના મુગટ દાનમાં આવ્યા

## જગન્નાથ મંદિરમાં ઉત્સવનો માહોલ, ભકતો જગન્નાથમય

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ, તા.૧૩

ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઇ બલરામની ૧૪૧મી રથયાત્રા આવતીકાલે નીકળનાર છે તે પૂર્વેના પરંપરાગત કાર્યક્રમો પૈકી આજે ભગવાનના સોનાવેશના દર્શન ખુલ્લા મૂકવામાં આવ્યા હતા, ત્યારે આજે એક ઐતિહાસિક ઘટના નોંધાઇ હતી. ઈતિહાસમાં સૌપ્રથમવાર ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઇ બલરામજીને દાનવીર ભકત દ્વારા સોનાના મુગટ અર્પણ કરવામાં આવ્યા હતા, જેનું વજન ૯.૫૦ કિલોગ્રામ થવા જાય છે. વિદેશમાં રહેતા રમેશભાઇ દ્વારા હીરા-માણેકથી જડેલા આ સોનાના મુગટ ભગવાનને આજે અર્પણ કરાયા હતા. આજે ભગવાન જગન્નાથજીને વિષ્ણુ અવતારમાં દ્રશ્યમાન થતા હતા. સોનાવેશના દર્શનનું ખૂબ જ મહત્વ હોય છે કારણ કે, વર્ષમાં એક જ દિવસ માટે ભગવાનને સોનાના ખૂબ જ સુંદર અને મનમોહક આભૂષણોથી શૃંગારિત કરાય છે. ભગવાનના સોનાના સાજ શણગારના દર્શન કરવાથી વ્યકિતના જીવનમાં સુવર્ણકાળ શરૂ થતો હોય છે એવી પણ ધાર્મિક માન્યતા છે. આજે સોનાવેશના દર્શન કરવા માટે જગન્નાથજી મંદિર ખાતે વહેલી સવારથી જ શ્રધ્ધાળુ ભકતોએ પડાપડી કરી હતી. મંદિર પ્રાંગણમાં જય જગન્નાથ, જય જગન્નાથ અને જય રણછોડ, માખણચોરના ભકિતનારા ગુંજી ઉઠયા હતા. સમગ્ર માહોલ ભકિતમય બની ગયો હતો. ભગવાન જગન્નાથજીની ૧૪૧મી રથયાત્રાને લઇ શહેરભરમાં ઉત્સાહનો માહોલ પ્રવર્તી રહ્યો છે ખાસ કરીને મંદિર પ્રાંગણમાં તો ઉત્સવ જેવું વાતાવરણ છવાઇ ગયું છે. તો, મોસાળ સરસપુરમાં પણ ભગવાનના આગમનની ભારે આતુરતાપૂર્વક રાહ જોવાઇ રહી છે. બીજીબાજુ, નગરજનો પણ ભગવાન જગન્નાથજી બહેન સુભદ્રાજી અને ભાઇ બલરામ સાથે નગરના માર્ગો પર નીકળે એટલે તેમના દર્શન કરવા માટે મીંટ માંડીને બેઠા છે ત્યારે આજે જગન્નાથજી મંદિર ખાતે ભગવાનના સોનાવેશના અલૌકિક દર્શન, રથપૂજન, મહાઆરતી સહિતના ભવ્ય કાર્યક્રમો યોજાયા હતા. સવારે ૮-૦૦ વાગ્યાથી ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઇ બલરામને સોનાવેશ સાજ-શણગાર કરી તેમના દર્શન લોકકલ્યાણર્થે ખુલ્લા મૂકાયા હતા. સોનાવેશ દર્શનનો અનેરો મહિમા હોઇ પહેલેથી જ ભીડ જમાવીને ઉમટેલા શ્રધ્ધાળુ ભકતોએ દર્શન માટે ભારે પડાપડી કરી હતી. ભગવાનના અદ્ભુત દર્શન કરી દર્શનાર્થીઓએ ધન્યતા અનુભવી હતી. મહંત દિલીપદાસજી મહારાજ અને ટ્રસ્ટી મહેન્દ્રભાઇ ઝાએ જણાવ્યું હતું કે, આજે ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઇ બલરામને સોનાના આભૂષણો ઉપરાંત ચાંદીના હાથ પહેરાવાયા હતા. જગન્નાથજી ભગવાન ચર્તુભુજ સ્વરૂપમાં વિષ્ણુ અવતારમાં હાથમાં શંખ, ચક્ર, ગદા, પદ્મ સાથે તો, બલરામજી હાથમાં ગદા અને હળ સાથે દ્રશ્યમાન થતા હતા. ભગવાનના આજના દર્શન ખૂબ જ મનમોહક અને અલૌકિક જણાતા હતા. આજે એક ઐતિહાસિક ઘટનામાં ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી-ભાઇ બલરામનો સોનાના મુગટ અર્પણ કરવામાં આવ્યા હતા. વિદેશમાં રહેતા અને જગન્નાથજી ભગવાનમાં અખૂટ શ્રદ્ધા અને આસ્થા ધરાવતા રમેશભાઇએ ભગવાનને સોનાના મુગટ અર્પણ કરવાનો અનોખો સંકલ્પ લીધો હતો અને તેની પરિપૂર્તિના ભાગરૂપે તેમણે આજે ભગવાનને સોનાના ત્રણ મુગટ મંદિરમાં અર્પણ કર્યા હતા. ત્રણેય મુગટનું વજન ૯.૫૦ કિલોગ્રામ થવા જાય છે. દાનવીર ભકતનું આ મહાદાન જોઇ અને તેના સમાચાર સાંભળી જગન્નાથજી મંદિરમાં ઉમેટલા હજારો શ્રધ્ધાળુ ભકતોમાં પણ ભારે ખુશી અને ઉત્સાહની લાગણી ફેલાઇ ગઇ હતી.

### રાજ્યમાં ૩૩ જિલ્લાઓમાં આજે રથયાત્રા

# ગુજરાત : આજે ૧૬૪થી વધુ રથયાત્રા-શોભા યાત્રા યોજાશે

## મોટી જનમેદનીવાળી અને સંવેદનશીલ રથયાત્રા પર ખાસ ધ્યાન કેન્દ્રિત હશે : તમામ જગ્યાએ સઘન સુરક્ષા વ્યવસ્થા

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ,તા.૧૩

જેની ઉત્સુકતાપૂર્વક શ્રદ્ધાળુઓ રાહ જોઇ રહ્યા હતા તે રથયાત્રા આવતીકાલે અમદાવાદ સહિત સમગ્ર રાજ્યમાં જુદા જુદા વિસ્તારોમાં યોજાનાર છે. રથયાત્રાની તમામ તૈયારી છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહી હતી. ગુજરાતમાં આવતીકાલે વિવિધ વિસ્તારોમાં ૧૬૪થી વધારે રથયાત્રા અને શોભાયોત્રા યોજાનાર છે. ચાલુ વર્ષે ભગવાન જગન્નાથની ૧૧૭, અન્ય દેવી-દેવતાઓની ૪૭ મળી કુલ ૧૬૪ રથયાત્રા-શોભાયાત્રા નીકળશે. જેમાં ૧૫ જિલ્લામાં મોટી જનમેદનીવાળી ૧૮ સંવેદનશીલ રથયાત્રાઓ છે. આ માટે ખાસ ધ્યાન કેન્દ્રીય કરાયું છે. તેમજ સંવેદનશીલ વિસ્તારોમાં યોજાનાર રથયાત્રા સંદર્ભે એસપી, ડીવાયએસપી કક્ષાના અધિકારીઓની નિયુક્ત કરીને પૂરતો બંદોબસ્ત ગોઠવવામાં આવશે. રથયાત્રા એ દેશભરમાં શ્રદ્ધાળુઓ માટે આસ્થાનું પ્રતિક છે ત્યારે રાજ્યભરમાં ૧૬૪ જેટલી રથયાત્રા-શોભાયાત્રા શ્રદ્ધાપૂર્વક વાતાવરણમાં સંપન્ન થાય તે માટે ગૃહ વિભાગ સુસજ્જ છે. આવતીકાલે રાજ્યભરમાં યોજાનાર રથયાત્રા-શોભાયાત્રા સંદર્ભે ગાંધીનગર ખાતે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા કરતા સરકારે કહ્યુ છે કે અમદાવાદ શહેર સહિત રાજ્યના ૩૩ જિલ્લાઓમાં ૧૬૪ જેટલી રથયાત્રા-શોભાયાત્રા નીકળે છે. આ માટે મુખ્યમંત્રી વિજય રૂપાણીના સીધા માર્ગદર્શન હેઠળ ગૃહ વિભાગે વિશેષ કાળજી લઈને પૂરતો બંદોબસ્ત ગોઠવવાનું આયોજન કર્યું છે. રથયાત્રા દરમિયાન કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તેમજ કોમી એખલાસનું વાતાવરણ જળવાઈ રહે તે માટે ખાસ પગલાં લેવાયા છે. અમદાવાદ સહિત જિલ્લાઓમાં યોજાનાર રથયાત્રાનું રાજ્યકક્ષાએથી સતત મોનીટરીંગ કરાશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભાવનગર જિલ્લામાં કુલ ૧૧ જેટલી રથયાત્રા નીકળનાર છે તે અંગે ૧ આઈજી, ડીઆઈજી, ૧ એસપી, ૧૫ ડીવાયએસપી, ૩૬ પીઆઈ, ૧૧૦ પીએસઆઈ, કક્ષાના અધિકારીને જવાબદારી સોંપાઈ છે. એજ રીતે આણંદ જિલ્લામાં ૧૫ રથયાત્રા સંદર્ભે ૧ આઈજી, ડીઆઈજી, ૧ એસપી, ૬ ડીવાયએસપી, ૧૯ પીઆઈ, ૬૬ પીએસઆઈ તથા વડોદરા શહેરમાં યોજાનાર રથયાત્રા સંદર્ભે ૧૦ પીઆઈ અને ૨૦ પીએસઆઈ કક્ષાના અધિકારીઓને જવાબદારી સોંપવામાં આવી છે. આ ઉપરાંત રાજ્યમાં ૧૭ જેટલી એસઆરપીએફની કંપનીઓ સ્ટેન્ડબાય રહેશે જે આકસ્મિક સંજોગોમાં રાજ્યના પોલીસ વડા દ્વારા ફાળવવામાં આવશે.રથયાત્રા દરમિયાન કોઇ પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ગૃહ વિભાગ અને પોલીસ ટીમ સંપૂર્ણપણે સજ્જ છે.

અમદાવાદની રથયાત્રા પર હમેંશા તમામ શ્રદ્ધાળુઓ અને દેશના લોકોની નજર રહે છે. આના માટે એક મહિના પહેલાથી જ તૈયારી શરૂ કરી દેવામાં આવે છે. જુદા જુદા રૂટ પર ચકાસણી પણ કરવામાં આવી ચુકી છે.

### સઘન સુરક્ષા વચ્ચે શ્રદ્ધાળુઓનો કાફલો રવાના

# અમરનાથ શ્રદ્ધાળુઓમાં ભારે ઉત્સાહ : દર્શન કરવા પડાપડી

## લાખો શ્રદ્ધાળુઓ હજુ પણ દર્શન કરવા માટે ઉત્સુક બન્યા

પ્રતિનિધિ દ્વારા

શ્રીનગર,તા. ૧૩

અમરનાથ યાત્રામાં અનેક પ્રકારની અડચનો આવી રહી છે છતાં શ્રદ્ધાળુઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. લાખો શ્રદ્ધાળુઓ પહેલાથી દર્શન કરી ચુક્યા છે અને હજુ લાખો શ્રદ્ધાળુઓ દર્શન કરવા માટે ઉત્સુક બનેલા છે. જુદા જુદા કાફલામાં શ્રદ્ધાળુઓને રવાના કરવામાં આવી રહ્યા છે. બે લાખથી વધુ શ્રદ્ધાળુઓ પહેલાથી જ નોંધણી કરાવી ચુક્યા છે. અમરનાથ ગુફા તરફ દોરી જતાં બાલતાલ માર્ગ ઉપર ભારે વરસાદના લીધે હાલત કફોડી બનેલી છે. ભારે વરસાદના પરિણામ સ્વરુપે બાલતાલ કેમ્પથી ૧૪ કિલોમીટરના અંતરને પાર કરવાની બાબત હમેશા પડકારરુપ રહે છે. ભારે વરસાદ અને પ્રતિકુળ સંજોગો હાલમાં સર્જાયેલા છે. તમામ ખરાબ સંજોગો હોવા છતાં ભારે ઉત્સાહ છે. બે લાખથી વધુ શ્રદ્ધાળુઓ પહેલાથી જ નોંધણી કરાવી ચુક્યા છે. અમરનાથ ગુફા તરફ દોરી જતાં બાલતાલ માર્ગ ઉપર ભારે વરસાદના લીધે હાલત કફોડી બનેલી છે. ભારે વરસાદના પરિણામ સ્વરુપે બાલતાલ કેમ્પથી ૧૪ કિલોમીટરના અંતરને પાર કરવાની બાબત હમેશા પડકારરુપ રહે છે. ભારે વરસાદ અને પ્રતિકુળ સંજોગો હાલમાં સર્જાયેલા છે. તમામ ખરાબ સંજોગો હોવા છતાં ભારે ઉત્સાહ છે.૨૮મી જૂનના દિવસે અમરનાથ યાત્રાની શરૂઆત થઇ હતી. ત્યારબાદથી સતત વરસાદ થવાના કારણે યાત્રામાં વારંવાર અડચણો આવી રહી છે. ૩૦મી જૂનના દિવસે દિવસ દરમિયાન યાત્રાને રોકવામાં આવી હતી. બે મહિના સુધી ચાલનાર આ યાત્રામાં બે લાખથી વધુ શ્રદ્ધાળુઓ નોંધણી કરાવી ચુક્યા છે. શાંતિપૂર્ણ રીતે ચાલી રહી છે. આજે સવારે સઘન સુરક્ષા વચ્ચે નવો જથ્થો રવાના કરવામાં આવ્યો હતો. અમરનાથ યાત્રામાં હજુ સુધી ૧.૩૭ લાખ શ્રદ્ધાળુઓ દ્વારા દર્શન કરવામાં આવ્યા છે. બીજી બાજુ હજુ પણ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શન કરવા માટે ઉત્સુક બનેલા છે. બાલતાલ અને પહેલગામ બેઝ કેમ્પમાં પહેલાથી જ રહેલા શ્રદ્ધાળુઓને રવાના કરવામાં આવ્યા છે. અમરનાથ ગુફા તરફ દોરી જતાં બાલતાલ માર્ગ ઉપર ભારે વરસાદના લીધે હાલત કફોડી બનેલી છે. આ વખતે આતંકવાદી હુમલાની દહેશતને ધ્યાનમાં લઇને સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. સુરક્ષા જવાનોને પણ શ્રદ્ધાળુઓની સાથે રખાયા છે. યાત્રામાં હજુ સુધી જુદા જુદા કારણોસર કુલ ૧૩ના મોત થયા છે.

# દક્ષિણ, સૌરાષ્ટ્રમાં અવિરત ભારે વરસાદ : જનજીવન ઉપર અસર

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ,તા. ૧૩

દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં મેઘમહેર યથાવતરીતે જારી રહી છે. રાજયના અનેક ભાગોમાં આઠ ઈંચથી વધુ વરસાદ ખાબકી ગયો છે જેથી જનજીવન ઉપર અસર થઇ છે. રાજ્યમાં વરસાદ સંબંધિત બનાવોમાં મોતનો આંકડો વધીને ૨૨ ઉપર પહોંચી ગયો છે. છેલ્લા ૨૪ કલાકના ગાળામાં ગીરનાર પર્વત ઉપર ૧૭ ઈંચથી વધુ વરસાદ ખાબકી ગયો છે. આ ઉપરાંત મોટાભાગના વિસ્તારોમાં ઉલ્લેખનીય વરસાદ થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૮૨ તાલુકાઓમાં વરસાદ થયો છે. વરસાદના આંકડાની વાત કરવામાં આવે તો ડાંગ જિલ્લાના વઘઇ તાલુકામાં ૮ ઈંચથી વધુ વરસાદ થયો છે. ગીરસોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકામાં સાત ઈંચથી વધુ વરસાદ થઇ ગયો છે. આવી જ રીતે નવસારી જિલ્લાના ગણદેવીમાં, ચિખલી, અમરેલીના વડિયામાં સાત ઈંચથી પણ વધુ વરસાદ થયો છે. માળિયામાં સાત ઈંચ, સુત્રપાડામાં છ ઈંચ વરસાદ નોંધાયો છે. જુનાગઢના ભેંસાણમાં છ ઈંચ, જલાલપોરમાં છ ઈંચ, ખેરગામમાં છ ઈંચ, નવસારીમાં છ ઈંચ, ધરમપુરમાં છ ઈંચ, ડોલવણમાં છ ઈંચ વરસાદ થયો છે. મેઘરાજાએ આજે સતત પાંચમા દિવસે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર પંથકના વિસ્તારોમાં ભારેથી અતિ ભારે સાર્વત્રિક વરસાદ વરસાવતાં સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જાઇ હતી. ડાંગ જિલ્લાના વઘઇ અને ગીર-સોમનાથના કોડિનારમાં આઠ ઈંચથી વધુ વરસાદ, નવસારી જિલ્લાના ગણદેવી, ચીખલી અને અમરેલીના વડિયા તાલુકામાં સાત ઈંચથી વરસાદ ખાબકતાં આ પંથકોમાં અને આસપાસના ગામો-વિસ્તારો જાણે બેટમાં ફેરવાયા હતા. વેરાવળ, જૂનાગઢ, સૂત્રાપાડા સહિતના પંથકોમાં પણ અતિ ભારે વરસાદ નોંધાયો હતો. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર પંથકમાં મેઘરાજાની અતિવૃષ્ટિના કારણે નવસારી-બિલીમોરા, વેરાવળ, ગીર-સોમનાથ સહિતની કેટલીક નદીઓમાં ઘોડાપૂર આવ્યા હતા. સુરત, વેરાવળ, રાજકોટ સહિતના પંથકોમાંથી સેંકડો લોકોને સ્થળાંતર કરાવવાની ફરજ પડી હતી. રાજયમાં આજે ૮૨થી વધુ તાલુકાઓમાં સાર્વત્રિક વરસાદ નોંધાયો હતો. રાજયના ૮૨થી વધુ તાલુકાઓમાં જે નોંધપાત્ર વરસાદ નોંધાયો તેમાં માળિયામાં સાત ઈંચ, વિસાવદમાં ચાર, વેરાવળમાં ચાર, સૂત્રાપાડામાં સાત, કોડિનારમાં આઠ ઈંચ, જામકંડોરણામાં પાંચ ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. રાજયના આ ૮૨ તાલુકાઓમાં બે ઈંચથી લઇ આઠથી નવ ઈંચ સુધીનો ભારેથી અતિ ભારે વરસાદ નોંધાયો હતો.